પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬●અંક : ૨૦૧●કુલ પાના : ૪●તારીખ : ૧૮-૦૪-૨૦૨૩ મંગળવાર●કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મમતાએ અમિત શાહને રાજીનામું આપવા કહ્યુ

## સમય પહેલા મારી સરકારને પાડી દેવાની ધમકી આપી છે, તેમણે ગુંડાની જેમ ન બોલવું જોઈએ : મુખ્યમંત્રી

બીરભુમ,

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગૃહમંત્રી અમિત શાહનું રાજીનામું માગ્યુ છે. તેમણે કહ્યું કે અમિત શાહે સમય પહેલા મારી સરકારને પાડી દેવાની ધમકી આપી છે. તેઓ લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી સરકારને ઉથલાવી દેવાની વાત કેવી રીતે કરી શકે છે, એમ કહેવાનો તેમને કોઈ અધિકાર નથી.ગૃહમંત્રીએ ગુંડાની જેમ બોલવું જોઈએ નહીં. શું દેશનું બંધારણ બદલવામાં આવી રહ્યું છે? દેશના ગૃહમંત્રી ભારતની રક્ષા કરવાને બદલે બંગાળ સરકારને તોડી પાડવાનું કાવતરું ઘડી રહ્યા છે.

મમતાએ યુપીમાં અતીક-અશરફ મર્ડર કેસ પર કહ્યું કે હું ગુનાનું સમર્થન નથી કરતી, પરંતુ ઉત્તર પ્રદેશના લોકો માટે એન્કાઉન્ટર સામાન્ય બની ગયા છે. લોકોએ આ એન્કાઉન્ટરોનો વિરોધ કરવો જોઈએ. દેશમાં શું ચાલી રહ્યું છે, જેને ઈચ્છો તેને મારી નાખો, જેને ઈચ્છો તેને કાપી નાખો? તમે જેને ઈચ્છો તેને ઠોકો, તમે જેને ઈચ્છો તેની પાછળ એજન્સી મૂકી દો.

બંગાળમાં ચોકલેટ બોમ્બ ફૂટે તો પણ તેઓ એનઆઈએને મોકલે છે. ડબલ એન્જિનવાળી ભાજપ સરકાર બેવડા ધોરણો રાખે છે. મમતા બેનર્જીએ સોમવારે બીરભૂમ જિલ્લાના સૂરીમાં એક જાહેર સભા દરમિયાન આ વાત કહી. જણાવી દઈએ કે અમિત શાહે ૧૪ એપ્રિલના રોજ એક રેલીમાં કહ્યું હતું કે જો ભાજપ લોકસભા ચૂંટણીમાં ૩૫ સીટો જીતે છે, તો બંગાળમાં ટીએમસી સરકાર ૨૦૨૫ પછી ટકી શકશે નહીં. બંગાળના સીએમએ હવે શાહના આ નિવેદન સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે ગૃહમંત્રીના નિવેદનથી સ્પષ્ટ છે કે બંગાળ સરકારને તોડી પાડવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે.



મમતા બેનર્જીએ ૧૬ એપ્રિલે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની સીબીઆઈની પૂછપરછનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સરકાર એવો સંદેશ આપવાનો પ્રયાસ કરી રહી છે કે અમે કોઈપણ રાજ્યના મુખ્યમંત્રીની પણ પૂછપરછ કરી શકીએ છીએ. મમતાએ પૂછ્યું કે જો એજન્સીઓ મુખ્યમંત્રીની પૂછપરછ કરી શકે છે તો ગૃહમંત્રીની પૂછપરછ કેમ ન થઈ શકે? ભાજપમાં ખોટું કરનારાઓ સામે કોઈ કાર્યવાહી નથી થઈ રહી.

દેશની વર્તમાન પરિસ્થિતિમાંથી ન્યાયતંત્ર જ દેશને બચાવી શકે છે. મમતાએ કહ્યું કે તે બંગાળમાં દ્રઝઈ અને સીએએ લાગુ થવા દેશે નહીં. બંગાળના સીએમએ દાવો કર્યો છે કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ સત્તામાં નહીં આવે. મમતાએ વિપક્ષોને ભાજપનો મુકાબલો કરવા માટે એક થવાની અપીલનો પુનરોચ્ચાર કર્યો.

### CBIએ શિક્ષક ભરતી કૌભાંડમાં TMCના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીને સમન મોકલ્યું

દરમિયાન સીબીઆઈએ શિક્ષક ભરતી કૌભાંડમાં ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીને સોમવારે સમન મોકલ્યું છે. તે અંતર્ગત તેમણે આવતીકાલે એટલે કે મંગળવારે કોલકાતાના નિઝામ પેલેસમાં હાજર થવાનું કહેવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ બેનર્જીને લાંચના બદલે સ્કૂલમાં નોકરી કેસમાં તપાસ એજન્સી પૂછપરછ કરશે.

અભિષેક બેનર્જીને આ સમન સુપ્રીમ કોર્ટ દ્વારા પૂછપરછ માટે રોક લગાડવાના નિર્ણયના થોડા કલાક બાદ જ મળ્યું છે. માનવામાં આવે છે કે તેને લઈને ટીએમસીની સાથે જ વિપક્ષી નેતા પણ કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે. વિપક્ષ દ્વારા સતત કેન્દ્ર સરકાર પર કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરુપયોગનો આરોપ લગાડવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે આજે કોલકાતા હાઈકોર્ટને ૧૩ એપ્રિલના તે આદેશ પર રોક લગાવી દીધી જેમાં પશ્ચિમ બંગાળ પોલીસને સ્કૂલ ભરતી કૌભાંડમાં તપાસ કરી રહેલા સીબીઆઇ અને ઈડીના અધિકારીઓ વિરૂદ્ધ એફઆઈઆર નહીં કરવાના નિર્દેશ આપ્યા હતા. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ જેબી પારડીવાલાની બેંચે આ ચુકાદો સંભળાવ્યો છે. બેંચે હાઈકોર્ટની સીંગલ જજ બેંચના તે નિર્દેશ પર પણ રોક લગાવી દીધી છે કે અભિષેક બેનર્જી અને આ કેસમાં આરોપી કુંતલ ઘોષની ઈડી અને સીબીઆઈ પૂછપરછ કરી શકે છે અને પૂછપરછ ટૂંક સમયમાં જ પૂરી થવી જોઈએ. સુપ્રીમ કોર્ટે આ મામલાની અરજી પર ૨૪ એપ્રિલે સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે.

સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો- આ અરજી ઉલ્લેખ કરવાના કેસની યાદીમાં હતી. ડૉ. એએમ સિંઘવીએ તે આદેશ અને પસાર નિર્દેશોના વિષય વસ્તુ પર ધ્યાન આપ્યું છે, જેના દ્વારા ઈડી અને સીબીઆઈને અભિષેક બેનર્જીના સાર્વજનિક ભાષણના સંબંધમાં તપાસ સાથે જોડાયેલા રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કેસની સુનાવણી ૨૪ એપ્રિલ, ૨૦૨૩નાં રોજ હાથ ધરાશે. મામલામાં સુનાવણીની આગામી તારીખ સુધી અરજદાર વિરૂદ્ધ તે આદેશમાં પસાર નિર્દેશના સંબંધમાં દરેક પ્રકારની કાર્યવાહી પર રોક રહેશે. મહત્વપૂર્ણ છે કે કોલકાતા હાઈકોર્ટે ૧૩ એપ્રિલે અનેક નિર્દેશ પસાર કરતા પોલીસે કહ્યું હતું કે તે કોર્ટની મંજૂરી વગર ઈડી અને સીબીઆઈના તપાસ અધિકારીઓ વિરૂદ્ધ કોઈ ફ્હૈંઇ કરવામાં ન આવે. તેમણે કેન્દ્રીય એજન્સીને આ કેસમાં તૃણુમૂલ કોંગ્રેસના નેતાઓની ભૂમિકા તપાસ કરવાનું કહ્યું હતું.્સ્ઝ નેતાઓ દ્વારા સીનિયર વકીલ એએમ સિંઘવીએ આ કેસમાં હાઈકોર્ટના આદેશને પડકારનારી અરજી પર તાત્કાલિક સુનાવણી માટે અનુરોધ કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે કેન્દ્રીય તપાસ એજન્સી ઘોષ અને બેનર્જીની પૂછપરછ કરી શકે છે.

### મોંઘવારી ૨૯ મહિનામાં સૌથી નીચલા સ્તરે

## ઈંધણ અને વીજળી સાથે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે, દૂધ હજુ પણ મોંઘું

નવીદિલ્હી,

માર્ચમાં મોંઘવારી દર (ડબ્લ્યુપીઆઈ) ઘટીને ૧.૩૪% પર આવી ગયો છે. આ ૨૯ મહિનામાં સૌથી નીચો સ્તર છે. ફેબ્રુઆરી ૨૦૨૩માં જથ્થાબંધ ફુગાવાનો દર ૩.૮૫% હતો, જ્યારે જાન્યુઆરી ૨૦૨૩માં મોંઘવારી દર ૪.૭૩% હતો. મોંઘવારીમાં આ ઘટાડો ઘઉં, દાળ અને ઈંધણ જેવી વસ્તુઓ સસ્તી થવાને કારણે થયો છે. જ્યારે ઓક્ટોબર ૨૦૨૦માં એ ૧.૩૧% હતો. અગાઉ ગયા સોમવારે છૂટક મોંઘવારીના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા, જે મુજબ માર્ચ ૨૦૨૩માં છૂટક મોંઘવારીનો દર ઘટીને ૫.૬૬% પર આવી ગયો છે.



માર્ચમાં ડબ્લ્યુપીઆઈ મોંઘવારીમાં ઘટાડો ખાદ્ય ચીજવસ્તુઓ, કાપડ, બિનખાદ્ય ચીજવસ્તુઓ, ખનીજ, રબર અને પ્લાસ્ટિક ઉત્પાદનોના ભાવમાં ઘટાડાને કારણે થયો હતો. એ જ સમયે, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, કાગળ અને પેપર ઉત્પાદનોની કિંમતો ઓછી થવાને કારણે મોંઘવારી ઘટી છે.

જયારે પ્રાથમિક વસ્તુઓમાં મોંઘવારી ફેબ્રુઆરીમાં ૩.૨૮% હતી, જે માર્ચમાં ઘટીને ૨.૪૦% થઈ હતી, ઈંધણ અને પાવર મોંઘવારી ફેબ્રુઆરીમાં ૧૪.૮૨%થી ઘટીને ૮.૯૬% પર આવી ગઈ છે., ઉત્પાદિત ઉત્પાદનોનો મોંઘવારી ૧.૯૪%થી ઘટીને નેગેટિવ ઝોનમાં પણ આવી ગઈ છે., ખાદ્ય ચીજવસ્તુઓનો મોંઘવારી દર ફેબ્રુઆરીમાં ૨.૭૬% હતો, એ માર્ચમાં ઘટીને ૨.૩૨% થયો છે.

માર્ચમાં ઘઉંની મોંઘવારીનો દર ૯.૧૬% રહ્યો છે, જ્યારે એક વર્ષ અગાઉ માર્ચ ૨૦૨૨માં એ ૧૪.૦૪% હતો. કઠોળની મોંઘવારી ૩.૦૩% છે. જોકે દૂધમાં મોંઘવારી ગયા વર્ષના ૪.૧૨%થી વધીને આ વર્ષે માર્ચ ૨૦૨૩માં ૮.૪૮% થઈ છે.

ડબ્લ્યુપીઆઈમાં લાંબા સમય સુધી વધારો ચિંતાનો વિષય છે. એ મોટે ભાગે ઉત્પાદક ક્ષેત્રને અસર કરે છે. જો મોંઘવારી લાંબા સમય સુધી ઊંચી રહે છે, તો ઉત્પાદકો એને ઉપભોક્તાઓ સુધી પહોંચાડે છે. સરકાર માત્ર કર દ્વારા જ ડબ્લ્યુપીઆઈને નિયંત્રિત કરી શકે છે. ઉદાહરણ તરીકે, ક્રૂડ ઓઇલમાં તીવ્ર વધારો થવાની સ્થિતિમાં સરકારે ઇંધણ પરની એક્સાઇઝ ડ્યૂટીમાં ઘટાડો કર્યો હતો, જોકે સરકાર માત્ર એક મર્યાદામાં જ ટેક્સ કાપી શકે છે, કારણ કે તેણે પગાર પણ ચૂકવવો પડે છે. ઉંમાં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક, રબર જેવા ફેક્ટરી માલને વધુ વેઈટેજ આપવામાં આવે છે.

માર્ચમાં રિટેઈલ મોંઘવારી દર ૧૫ મહિનાની નીચી સપાટીએ આવી ગઈ છે. માર્ચમાં છૂટક મોંઘવારી ૫.૬૬% હતી, જે ફેબ્રુઆરીમાં ૬.૪૪% હતી. ૧૨ એપ્રિલના રોજ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, માર્ચમાં છૂટક મોંઘવારી આરબીઆઈની ૬%ની ઉપલી મર્યાદાથી નીચે ગઈ હતી. ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ ઘટવાને કારણે મોંઘવારી ઘટી છે. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની બાસ્કેટમાં ખાદ્યચીજોનો હિસ્સો લગભગ અડધો છે.

## દિલ્હી એક્સાઈઝ કેસમાં મનીષ સિસોદિયાની જ્યુડિશિયલ કસ્ટડી ૧ મે સુધી વધારાઇ

નવીદિલ્હી,

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે એક્સાઈઝ કેસમાં મનીષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી વધારી દીધી છે. રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ એમકે નાગપાલની કોર્ટે એક્સાઈઝ પોલિસી સંબંધિત સીબીઆઈ અને ઈડી બંને કેસમાં મનીષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી ૧ મે સુધી વધારી દીધી છે. ત્યારે મનીષ સિસોદિયા સાથે એક્સાઈઝ કૌભાંડ કેસના આરોપી અરુણ રામચંદ્ર પિલ્લઈ અને અમનદીપ ધલની ન્યાયિક કસ્ટડી પણ લંબાવવામાં આવી છે. ED દ્વારા નોંધાયેલા કેસમાં અરુણ પિલ્લઈ અને



અમનદીપ ધલની ન્યાયિક કસ્ટડી ૨૯ એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે દિલ્હી સરકારના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા, જેમને કથિત એક્સાઇઝ કૌભાંડ કેસમાં આરોપી બનાવવામાં આવ્યા હતા, તેમની પૂછપરછ બાદ ૨૬ ફેબ્રુઆરીએ સીબીઆઇ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ તેમની ઘણા દિવસોના રિમાન્ડ પર પૂછપરછ કરી, ત્યારબાદ કોર્ટે સિસોદિયાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા હતા.

તમને જણાવી દઈએ કે, ૨૭ ફેબ્રુઆરીએ કોર્ટે સિસોદિયાને સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દીધા હતા, જેથી તપાસ એજન્સી નિષ્પક્ષ તપાસ માટે તેમની સમક્ષ મૂકવામાં આવેલા સવાલોના જવાબ મેળવી શકે. કોર્ટે કહ્યું હતું કે આરોપી અગાઉ બે વખત તપાસમાં જોડાયા હતા. જો કે, તેમને પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા ન હોવાનું જોવા મળ્યું હતું. હાલ તે તિહાર જેલમાં બંધ છે.

આ પહેલા ઈડી એમ કહીને સિસોદિયાના રિમાન્ડની માંગણી કરી હતી કે તેઓ વારંવાર નિવેદન બદલી રહ્યા છે. તેઓને સામસામે બેસાડીને ત્રણ લોકોની પૂછપરછ કરવાની છે. જેમાં દિલ્હીના આબકારી કમિશનર અને એક આઈએએસ અધિકારીનો સમાવેશ થાય છે. ઈડી વતી ઝોહેબ હુસૈન હાજર રહ્યા હતા. બીજી તરફ મનીષ સિસોદિયાના વકીલે તેનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે ફોન બદલવાનો કેસ સીબીઆઈની કસ્ટડીનો ભાગ હતો, હવે તેના આધારે રિમાન્ડ આપી શકાય નહીં.

### અતીક હત્યાકાંડ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો : ૨૦૧૭ પછી યોગી રાજમાં થયેલા ૧૮૩ એન્કાઉંટરની તપાસ કરવાની માગ

નવી દિલ્હી,

ઉત્તર પ્રદેશના માફિયા અતીક અને અશરફની હત્યાનો કેસ હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. અતીક અને અશરફની પોલીસ કસ્ટડીમાં હત્યાની તપાસની માગને લઈને સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ થઈ છે. દાખલ અરજીમાં સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જજની દેખરેખ હેઠળ તપાસની માગ કરવામાં આવી છે. સાથે જ ૨૦૧૭થી ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધીમાં ૧૮૩ એન્કાઉન્ટરની તપાસ સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જજની દેખરેખ હેઠકમાં કરવાની તથા એક્સપર્ટ કમિટી પાસે કરાવાની માગ કરી છે.

વકીલ વિશાલ તિવારી તરફથી આ અરજી દાખલ કરવામાં આવી છે. અરજીના માધ્યમથી અતીક તથા તેના ભાઈની હત્યાની તપાસ માટે એક સમિતિ બનાવવાની માગ કરી છે. સાથે જ અરજીમાં ૨૦૨૦ વિકાસ દૂબે એન્કાઉંટર મામલાની સીબીઆઈ તપાસની માગ થઈ છે. આ અગાઉ માફિયા અતીક અહેમદની સુરક્ષાને લઈને સવાલો ઊભા કરતી એક અરજીને સાંભળવાની સુપ્રીમ કોર્ટે ના પાડી દીધી હતી. સુપ્રીમ કોર્ટે અતીક અહેમદની સુરક્ષા પર કોઈ પણ આદેશ આપવાની ના પાડી દીધી હતી.

આપને જણાવી દઈએ કે, અતીક અહેમદ અને તેના ભાઈની શનિવાર રાતે પ્રયાગરાજમાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. જે સમયે અતીક અને તેના ભાઈ પર ફાયરિંગ થયું તે દરમ્યાન તે મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. પોલીસ બાદમાં આ ઘટનામાં સામેલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસની સામે થયેલા આ ઘટનામાં પોલીસ અને સરકાર બંને પર સવાલો ઊભા થઈ રહ્યા છે. જેના માટે યૂપી સરકારે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે, જે આ ઘટનાની તપાસ કરશે.

### નેશનલ કમિશન ફોર શેડ્યુલ્ડ કાસ્ટમાં ખાલી પડેલી જગ્યાઓ વહેલી તકે ભરો સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નિર્દેશ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નેશનલ કમિશન ફોર શેડ્યુલ્ડ કાસ્ટની ખાલી જગ્યાઓ વહેલી તકે ભરવાનો નિર્દેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ જેબી પારડીવાલાની બેન્ચે કેન્દ્ર દ્વારા આપવામાં આવેલી માહિતીની નોંધ લીધી હતી કે પંચમાં માત્ર એક જ જગ્યા ખાલી છે. ખંડપીઠે કહ્યું કે ભારત સરકારે અનુસૂચિત જાતિ માટેના રાષ્ટ્રીય આયોગની ખાલી જગ્યાઓ ઝડપથી ભરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલાં લેવા જોઈએ. સર્વોચ્ચ અદાલત 'આંબેડકર એસોસિયેશન ફોર ડેવલપમેન્ટ' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં અનુસૂચિત જાતિ માટેના રાષ્ટ્રીય આયોગના અધ્યક્ષ/ઉપ-અધ્યક્ષ અને સભ્યોની જગ્યાઓ સમય-બાઉન્ડમાં ભરવાના નિર્દેશોની માંગ કરવામાં આવી હતી. ભાજપના નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી વિજય સાંપાલા હાલમાં આયોગના અધ્યક્ષ છે.

## ચીને અરુણાચલ પ્રદેશ બાદ હવે દક્ષિણ હિન્દ મહાસાગરમાં ૧૯ જગ્યાના નામ બદલ્યાં

નવીદિલ્હી,

વૈશ્વિક મંચ પર ઉભરતાં ચીને તેના વિસ્તારવાદી ઈરાદાનો સંકેત આપતા દક્ષિણ હિન્દ મહાસાગરની ઊંડાઈએ આવેલા ૧૯ સમુદ્ર તટના નામ બદલી નાખ્યા છે. ચીન તરફથી કરાયેલી આ કાર્યવાહી ભારતની સંપ્રભુતા અને હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ભારતીય પ્રવાસ ક્ષેત્રમાં સીધી દખલ છે. એક મહિનામાં ભારતીય સંપ્રુભતા સાથે ચેડાં કરવાનો આ બીજો પ્રયાસ હતો જે શી જિનપિંગના શાસન હેઠળ ચીને કર્યો હતો. તેને હિન્દ મહાસાગરમાં ચીનની વધતી દખલ તરીકે જોવાઈ રહ્યું છે. અગાઉ ચીને ૨ ફેબ્રુઆરીએ અરુણાચલ પ્રદેશમાં ૧૧ જગ્યાઓના ભૌગોલિક નામ બદલી નાખ્યા હતા જેની ભારત સરકારે આકરી ટીકા કરી હતી અને ચીનના દાવાને નકારી દીધા હતા. આ ઘટનાના એક દિવસ પહેલા ચીને દક્ષિણ હિન્દ મહાસાગરમાં સ્થિત ૧૯ સમુદ્ર તટના નામ બદલી નાખ્યા જે ભારતીય પેનીનસુએલાથી લગભગ ૨૦૦૦ કિ.મી. દૂર છે. ચીનના મીડિયાએ તેને બેજિંગનું સોફ્ટ પાવર પ્રોજેક્શન ગણાવ્યું છે. હિન્દ મહાસાગરમાં ચીન દ્વારા જે ૧૯ જગ્યાઓના નામ બદલાયા છે તેમાંથી ૬ ઓમાનના તટ અને આફ્રિકી હોર્નથી દૂર જિબૂતીના ચીનના પોર્ટની નજીક છે. આ ઉપરાંત મેડાગાસ્કરના તટ પર ચાર સી-બેડ ફીચર્સ છે. ૮ હિન્દ મહાસાગરના દક્ષિણ-પશ્ચિમ રિઝ પર અને એક એન્ટાર્કટિકા તરફ ઊંડા હિન્દ મહાસાગરમાં રિઝ ફીચર્સના પૂર્વમાં આવેલ છે. આ મામલે પ્રતિક્રિયા આપતા સાઉથ બ્લોકના એક અધિકારીએ કહ્યું કે અરુણાચલ પ્રદેશ અને ઊંડા હિન્દ મહાસાગરમાં વિવિધ ભૌગોલિક સ્થળના નામ બદલવા ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીની મધ્ય સામ્રાજ્યની માનસિકતા દર્શાવે છે.

### બોટાદ રેલવે સ્ટેશને આગની લપેટમાં ટ્રેન : એકસામટા ૩ ડબ્બા આગમાં બળીને ખાખ

ભાવનગર,

બોટાદ રેલવે સ્ટેશને ટ્રેનમાં આગ લાગી છે. ડેમુ ટ્રેનમાં આગ લાગતા દોડધામ મચી હતી. પ્લેટફોર્મ નંબર ૭ ઉપર બંધ હાલતમાં હતી ત્યારે આગ લાગી જેના કારણે મોટી જાનહાની ટળી હતી. રેલવે વિભાગના અધિકારીઓને જાણ થતા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર ફાઈટરના ૩૦ જવાનો સહિત ૩ ફાયરની ગાડી દ્વારા પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાથમિક તબક્કે મળતી માહિતી મુજબ આ ડેમુ ટ્રેન બોટાદથી સુરેન્દ્રનગર સાંજે ૬ વાગે ઉપડે છે. ટ્રેન બોટાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૭ ઉપર બંધ હાલતમાં હતી ત્યારે એકાએક વિકરાળ આગ લાગી હતી. જોકે આગ લાગવાનું કારણ હજી અકબંધ છે. ફાયર ટીમને જાણ થતા જ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ ઉપર કાબૂ મેળવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. બોટાદ-ધ્રાંગધ્રા ટ્રેનમાં આગ લાગતા લોકોમાં દોડધામ મચી હતી. કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. ફાયર ટીમ દ્વારા આગ ઓલવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આશરે ૩ ડબ્બામાં આગ લાગી હતી. સદનસીબે કોઈ જાનહાની ન થતા મોટી દુર્ઘટના ટળી હતી. ફાયર ફાઈટરના ૩૦ જવાનો સહિત ૩ ફાયરની ગાડી દ્વારા પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

એન. જે. ખાંટ

તરફથી અભીનંદન....

મુ. હીરાપુર, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બારીઆ સુમિત્રાબેન છગનભાઈ

તરફથી અભીનંદન....

મુ. નાકટી, તા. ધાનપુર, જી. દાહોદ

**નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલપસર વિભાગ**
**(ગુજરાત સરકાર)**
**જાહેર નિવિદા નં.“૦૨” સને ૨૦૨૩-૨૪ (ઈ-ટેન્ડરીંગ)**
**(૧૫ માં નાણાપંચ) (બીજો પ્રયત્ન)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, લુણાવાડા, તા.લુણાવાડા જી.મહીસાગર પિન.૩૮૯૨૩૦ (ફોન. નં.૦૨૬૭૪-૨૫૧૬૨૩)ની કચેરીએથી ૧૫ માં નાણા પંચ ના ૧૦% જીલ્લા પંચાયતની જોગવાઈના ગટર તથા ચેકડેમના વિવિધ કામો ના રકમ રૂા.૪.૮૫ લાખથી રકમ રૂા.૦૪.૯૩ લાખના ફોર્મ બી-૧ પધ્ધતીથી જાહેર બાંધકામ વિભાગ હેઠળ માન્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા સક્ષમ કક્ષાના અને તેની ઉપરની કક્ષાના ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરવેબસાઈટ પરથી ઓનલાઈન ડાઉનલોડીંગ કરવાની તા.૧૭/૦૪/૨૦૨૩ થી ૧૧.૦૦ કલાકથી ટેન્ડર ઓનલાઈન સબમિશન કરવાની છેલ્લી તા.૨૬/૦૪/૨૦૨૩ના ૧૮.૦૦ કલાક સુધી અને ટેન્ડરમા જણાવેલ ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાની છેલ્લી તા.૦૧/૦૫/૨૦૨૩ના ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર ખોલવાની તા.૦૨/૦૫/૨૦૨૩ના ૧૨.૩૦ કલાક. સદર ટેન્ડર કોઈ કારણ દર્શાવ્યા સિવાય રદ્દ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. ઉક્ત કામોની અન્ય વિગતો ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http://nwr.nprocure.com Or www.statetenders.com જોઈ શકાશે.

૧. ટેન્ડર ફી, ઈ.એમ.ડી/એફ.ડી.આર. તેમજ અન્ય પ્રમાણિત દસ્તાવેજો [ ફીઝીકલ દસ્તાવેજ : (i) સક્ષમકક્ષાનું રજીસ્ટ્રેશન, (ii) બેન્ક સોલવન્સી સર્ટીફિકેટ (ચાલુ કેલેન્ડર વર્ષનું), (iii) પાન કાર્ડ, (iv) G.S.T. Reg. No., અને (v) જરૂરિયાત મુજબનું અનુભવનું પ્રમાણ પત્ર કામવાર અલગ અલગ માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા ફક્ત કેનવાસ કવરમાં સીલ બંધ મોકલવાના રહેશે. અને કવર ઉપર કામનું નામ અને એન્સીનું નામ લખવાનું રહેશે. તેમજ ટેન્ડર આઈ.ડી. નંબર લખવાનો રહેશે. સમય મર્યાદા પછી આવેલ કે સાદી ટપાલમાં આવેલ ટેન્ડરો નોન-રેસ્પોંસિવ ગણી સ્વીકારવામાં આવશે નહીં.

૨. ઓનલાઈન સ્કેન કરેલ દસ્તાવેજો/ટેન્ડર ખોલવા અનિવાર્ય સંજોવસાત ટેન્ડરના ખોલી શકાય તો, ટેન્ડર ત્યાર બાદના અન્ય ચાલુ દિવસે ખોલવામાં આવશે.

૩. વધુ વિગતો માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, લુણાવાડા-૩૮૯૨૩૦, જી.મહીસાગર નો સંપર્ક કરવા તથા વેબસાઈટ http://nwr.nprocure.com Or www.statetenders.com જોઈ લેવા વિનંતી.

આ કામોની વિગતવાર નોટીસ કચેરીમાં અને કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રહેશે.

માહિતી/ગોધરા/૪૨/૨૦૨૩

2 તા.૧૮/૦૪/૨૦૨૩ મંગળવાર

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જિલ્લા ન્યાયાલય ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



મહીસાગર,

માનવ જિંદગી અમૂલ્ય છે જેને બચાવવા લોહી એક મહત્વનું તત્વ છે. લોહીની આકસ્મિક જરૂરિયાત કોઈપણ વ્યક્તિને ગમે ત્યારે પડી શકે છે અને તેથી જ આવા સંજોગોમાં લોકોની જરૂરિયાતને પહોંચી વળવા અને આકસ્મિક સંજોગોમાં તેઓને મદદરૂપ થવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગર દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પ જિલ્લા અદાલત મહીસાગર ખાતે મુખ્ય ન્યાયાધીશ એચ એ દવેની ઉપસ્થિતિમાં યોજાયો હતો।

મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એચ.એ.દવે તેમના ધર્મપત્ની એચ.એચ.દવે અને જિલ્લા પોલીસ અધિક્ષક આર.પી.બારોટે રકતદાન કરી શિબીરનો શુભારંભ કરાવ્યો

આ શિબીરમાં મહીસાગર બાર એસોસિએશન પ્રમુખ એ.કે.પટેલ, રેડક્રોસ સોસાયટી ચેરમેન એમ.આર.પટેલ, એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ જે.એન.વ્યાસ, ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વી.એમ.વણકર, એડિશનલ સિવિલ જજ કે.એમ.ભટ્ટ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ પૂર્ણકાલીન સચિવ એમ.જે.બિહોલા રેડક્રોસ સોસાયટી સેક્રેટરી સંજયભાઈ શાહ, રેડક્રોસ સોસાયટી વાઇસ ચેરમેન ડો. મહેશ શુક્લ, રેડક્રોસ સોસાયટી ટ્રેઝરર માર્ગેશ શુક્લ, લુણાવાડાના જાણીતા તબીબો, તમામ વકીલઓ, પેનલ એડવોકેટઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો, જિલ્લા ન્યાયાલય તમામ સ્ટાફ, પેરા લીગલ વોલંટિયર્સ અને નગરના સેવાભાવી રકતદાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મલેકપુર લિમ્બચીયા માતાના મંદિર ખાતે રવિવારે માતાજીના પાટોત્સવ ઉજવાયો



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

લિમ્બચીયા સંતગાળા દ્વારા મલેકપુર લિંબચમાતા મંદીર ખાતે ચૈત્રવદ અગિયારસને તા. ૧૬/૦૪/૨૦૨૩ ને રવિવાર નારોજ લિંબચમાતા મંદીર મલેકપુર ખાતે ભવ્યતિ ભવ્ય માતાજીનો પાટોત્સવ રાખેલ હતો. જેનું પાનમ ગાળો, મદયગાળો અને બારોગાળો આ ત્રણેય ગાળાના લિમ્બચીયા સમાજના દરેક ઘરને છુટ્ટમ આમંત્રણ છે. જેથી માતાજીના દર્શનનો તેમજ મહાપ્રસાદીનો લાભ લેવા સમાજના દરેક વ્યકિતને સંતાગાળાનું આહવાન છે.

## મહીસાગર જિલ્લામાં તા. ૧૧ થી ૨૯ એપ્રિલ, ૨૦૨૩ સુધી સ્વાગત સપ્તાહનો ઉજવણી કાર્યક્રમ તેમજ ગ્રામ સ્વાગત કાર્યક્રમનું આયોજન

મહીસાગર,

મુખ્યમંત્રીના જનસંપર્ક હેઠળ ઓનલાઇન ફરીયાદ નિવારણ કાર્યક્રમ સ્વાગતની એપ્રિલ–૨૦૨૩માં ૨૦ વર્ષ પૂર્ણ થનાર છે. જે નિમિત્તે એપ્રિલ માસના ચોથા સપ્તાહને સ્વાગત સપ્તાહ તરીકે ઉજવવાનું નિયત કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લામાં તા. ૧૧/૦૪/૨૦૨૩ થી તા.૨૯/૦૪/૨૦૨૩ સુધી સ્વાગત સપ્તાહનો ઉજવણી કાર્યક્રમ તેમજ ગ્રામ સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્વાગત સપ્તાહના ઉજવણી કાર્યક્રમમાં જિલ્લા પંચાયતની સિટી વાઈઝ વર્ગ–૨ના અધિકારીઓની ગ્રામ સ્વાગતના પ્રશ્નો સ્વીકારવા માટે નિમણૂક કરવામાં આવી છે. જેથી મહીસાગર જિલ્લાના તમામ ગામોના અરજદારઓ ગ્રામ સ્વાગત કાર્યક્રમમાં વ્યકિતગત પ્રશ્નની રજૂઆત કરી શકશે. આવા પ્રશ્નો માટેની અરજી તા.૨૪/૦૪/૨૦૨૩ થી તા.૨૬/૦૪/૨૦૨૩ સુધીમાં યોજાનાર તાલુકા સ્વાગત કાર્યક્રમમાં નિમણૂંક કરેલ વર્ગ–૨ ના અધિકારી દ્વારા સ્વીકારવામાં આવશે.

## દાહોદની જાલત ગામની પ્રસૃતાને ઝાયડસ હોસ્પિટલમાં સારવાર માટે લવાતા નર્સીંગ સ્ટાફની બેદરકારીથી મોત થયાના આક્ષેપ

દાહોદ,

દાહોદ તાલુકાની જાલત ગામની ૨૭ વર્ષીય સગર્ભા મહિલાને પ્રસુતિ પીડા ઉપડતા મહિલાને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલ લવાતા મહિલાની ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે મહિલાના પરિવારજનો દ્વારા ઝાયડસ હોસ્પિટલના હાજર નર્સિંગ સ્ટાફની બેદરકારીના કારણે મહિલાનું મોત નીપજ્યાના આક્ષેપો લગાવવામાં આવ્યા હતાં.

દાહોદ તાલુકાના જાલત ગામની મહિલાને પ્રસુતિ પીડા ઉપડતા સગર્ભા મહિલાને પરિવારજનો દ્વારા દાહોદના ઝાયડસ હોસ્પિટલ લાવવામાં આવી હતી. જ્યાં સગર્ભા મહિલાની ટૂંકી સારવાર દરમ્યાનજ ગર્ભમાં રહેલ બાળક અને માતાનું મોત નીપજતા પરિવારજનોમાં ગમગીની સહિત માતમ પ્રસરી જવા પામ્યો હતો. ત્યારે માતાના મોતના પગલે મહિલાની બે માસુમ બાળકીઓએ માતાનું છત્ર ગુમાવ્યું હતું. બંન્ને માસુમ બાળકીઓ માતા વિહોણી બની હતી. દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં જ્યારે સગર્ભા મહિલાંને સારવાર માટે એડમિટ કરાઈ હતી. ત્યારે ઝાયડસ હોસ્પિટલની નર્સીંગ સ્ટાફ દ્વારા સગર્ભા મહિલાની સારવારમાં વિલંબ કરતા મહિલાની તબિયત વધુ ખરાબ થઈ હતી. મહિલાની હાલત ગંભીર હોય ત્યારે હોસ્પિટલમાં હાજર નર્સીંગ સ્ટાફને વારંવાર જાણ કરાતા તેમ છતાં કોઈ કાળજી લેવામાં ન આવી હતી અને હાજર હાજર નર્સીંગ સ્ટાફ કેહવા લાગેલ કે આજે રવિવારનો દિવસ છે અને રજાનો દિવસ છે, તમારા માટે નવરાં નથી. ત્યારે સાંજ પડતા મહિલાની તબિયત વધુ ખરાબ થતા હાજર નર્સીંગ સ્ટાફ દ્વારા મહિલાને એક નાની બોટલ ચઢાવવામાં આવી હતી. બોટલ ચઢાવતાની સાથેજ મહિલાની તબિયત વધુ ખરાબ થતા સગર્ભા મહિલાને તાત્કાલિક ઝાયડસ હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડમાં ખસેડાઈ હતી. જયાં મહિલાની સારવારમાં ઓક્સિજન જેવી સેવા આપવાની સાથેજ સગર્ભા મહિલાએ પાંચ મિનિટમાંજ જીવ ગુમાવ્યો હોવાના ઉપરોક્ત આક્ષેપો મૃતક સગર્ભાના પરિવારજનો દ્વારા કરવામાં આવ્યાં છે. મહિલાના મોત થતા પરિવારજનોમાં માતમ પ્રસરી જવા પામ્યો હતો. મહિલાના મોતનું કારણ હાજર નર્સીંગ સ્ટાફની બેદરકારી હોય એવા આક્ષેપો સાથે પરિવારજનો કતવારા પોલીસ મથકે પહોંચી હાજર સ્ટાફના બેદરકારી બદલ પોલીસ ફરીયાદ નોંધવવાનું જાણવા મળે છે.

## ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે થી એક જ રાતમાં એક જ ફળિયા માંથી બે મોટર સાયકલની ચોરી થતા ચકચાર

ગરબાડા,

ગરબાડા તાલુકાના ગાંગડી ગામે થી એક જ રાતમાં એક જ ફળિયા માંથી બે મોટર સાયકલ ચોરીના બનાવો બનતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. જે ઘટના સંદર્ભે બંને વ્યક્તિઓ દ્વારા ગરબાડા પોલીસ મથકે લેખિતમાં જાણ કરવામાં આવી છે. જેમાં પ્રથમ બનાવ ગાંગરડીના પંચાલ ફળિયા ખાતે બન્યો હતો. જેમાં બકુલભાઈ બાબુભાઈ જાતે ભાભોર રહે. મોટી સારસી દાહોદ જે તારીખ ૧૬ ના ગાંગરડીના ટૂંકી રોડ તરફ આવેલ પંચાલ ફળિયામાં રહેતી તેમની બહેન લીલાબેન ગુંડિયાને ત્યાં મહેમાન આવ્યા હતા અને રાત્રી દરમિયાન પોતાની R15 બાઈક જે ઘરના આંગણામાં પાર્ક કરીને રાત્રે સુઈ ગયા હતા અને સવારના સમયે ઘર આંગણામાં મોટર સાયકલ ન જોવા મળતા આસપાસ શોધ કરી હતી. પરંતુ મોટર સાયકલ ન મળતા ગરબાડા પોલીસ મથકે અરજી આપી હતી. જયારે ચોરીનો બીજો બનાવ પણ ટૂંકી રોડ ફળિયા ખાતે બનવા પામ્યો હતો. જેમાં વિધાનભાઈ કલ્પેશભાઈ પંચાલ પોતાની બજાજ કંપનીની મોટર સાયકલ પોતાના કાકા હેમત પંચાલના ઘરે બહાર ઓટલા પર પાર્ક કરીને તેઓના ઘરે સુઈ ગયા હતા અને સવારના સમયે મોટર સાયકલ ન જોવા મળતા આસપાસ મોટર સાયકલની શોધ કરી હતી પરંતુ મોટર સાયકલ ન મળી આવતા વિધાનભાઈ કલ્પેશકુમાર પંચાલે પણ પોતાની બાઈક ચોરી થવા બાબતની ગરબાડા પોલીસ મથકે અરજી આપી હતી. આમ, ગરબાડા તાલુકાના ગાંગરડી ગામમાં એક જ રાત્રિમાં બે મોટર સાયકલની ઉઠાનતરી તથા પંથક માં ભય સાથે ચકચાર મચી જવા પામી હતી. જોકે, ગાંગર ડી ગામમાં સીસીટીવી કેમેરા ગ્રામ પંચાયત દ્વારા લગાવવામાં આવેલ હતા. પરંતુ તે બંધ હોવાનું પણ જાણવા મળી રહ્યું હતું

## માવઠાની અસર હવે મસાલા પર, ૨૦થી ૩૦ ટકા ભાવ વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

અમદાવાદ,

માવઠાની અસર હવે મસાલાની સિઝન પર જોવા મળી રહી છે મસાલાની સીઝન શરૂ થતા જ લોકો એક સાથે મસાલાની ખરીદી કરવા માટે બજારમાં જતા હોય છે પરંતું આ વર્ષે મસાલાની બજારમાં પણ ભાવ વધારો જોવા મળી રહ્યો છે મરચાં,હળદર, જીરું, ધાણા સહિતના મસાલાની વસ્તુઓમાં દર વર્ષ કરતાં ૨૦ થી ૩૦ ટકા ભાવ વધારો નોંધાતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે.

એક બાજુ મોંઘવારીનો માર તો બીજી તરફ ખેડૂતોને માવઠાની અસરથી પણ ભારે નુકસાની નો સામનો કરવો પડી રહ્યો હતો અને એટલામાં જ મસાલાની સિઝન શરૂ થતા જ દર વર્ષ કરતાં ૨૦ ટકા ભાવ વધારો નોંધાતા ગૃહિણીઓનો બજેટ ખોરવાયું છે.અનેક પરિવારના બજેટ ખોરવાયા છે ફક્ત ૫૦ ટકા લોકો જ આ વખતે એક વર્ષના મસાલા ભરી શકતા થયા છે. ચાલુ વર્ષે થયેલા કમોસમી વરસાદ અને માવઠાના લીધે મોટાભાગના વિસ્તારોમાં ખેડૂતોને મરચાં સહિતના પાકને નુકસાનની સર્જાઇ હતી જેના પરિણામે આ વર્ષે મરચા તેમજ જીરૂમાં ભારે ભાવ વધારો જોવા મળ્યો છે ખાસ કરીને કાશ્મીરી મરચા,રેશમ પટ્ટા સાથે જીરુંમાં પણ ૧૫૦ રૂપિયા જેટલો ભાવ વધારો જોવા મળતા અનેક પરિવારોના બજેટ ખોરવાયા છે.

દર વર્ષે મસાલાની સિઝનમાં પરિવારો પોતાના આખા વર્ષનું મસાલાની ખરીદી કરી લેતા હોય છે પરંતુ આ વર્ષે ભાવ વધારાને લીધે ૫૦% જેટલા પરિવારોએ આ મસાલાની ખરીદી આખા વર્ષની કરી શક્યા નથી. અનેક પરિવારોના બજેટ ઓછા હોય પોતાની જરૂરિયાત મુજબના મસાલાની ખરીદી હાલમાં કરી રહ્યા છે.

## શહેરામાં લુણાવાડા તરફ થી આવતી એસ.ટી.બસ માંથી ધુમાડો નિકળતા મુસાફરોમાં અફરાતફરી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા અણીયાદ ચોકડી પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપર લુણાવાડાથી શહેરા તરફ આવતી એસ.ટી. બસના એન્જિનમાં ધુમાડો નીકળતા મુસાફરોમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. બસના ડ્રાઈવરએ એન્જિનમાં ધુમાડો નીકળતા જોઈને તુરત બસને રોડની સાઈડમાં ઉભી રાખીને તમામ મુસાફરોને નીચે ઉતારી દીધા હતા. જોકે, ડ્રાઈવરની સમય સૂચકતા થી મોટી ઘટના બનતી અટકી ગઈ હોવા સાથે ડ્રાઈવર અને કંડકટર સહિત ૩૦ કરતા વધુ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. આ બસ લુણાવાડા થી શહેરા થઈ રેણા મોરવા તરફ જતી હોવા સાથે કોલેજના વિદ્યાર્થીઓ અને સરકારી કચેરીમાં ફરજ બજાવતા કર્મીઓ આ બસમાં અવર જવર કરતા હોય છે. ઉલ્લેખનીય છે કે, એસ.ટી. વિભાગ દ્વારા નિયમિત બસોની મરામત બરાબર કરવામાં આવે છે કે નહીં તેમજ અમુક બસના ટાયર પણ ઘસાઈ ગયા હોવા છતાં નવા નાખવામાં નહી આવતા હોવાનું મુસાફરોમાં ચર્ચાનો મુદ્દો બન્યો હોય ત્યારે એસ.ટી. વિભાગ દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવે તે પણ અત્યંત જરૂરી છે.

## ગુજરાતમાં આપની મુશ્કેલીઓ વધી

## ગુજરાત યુનિવર્સિટીએ કેજરીવાલ સામે માનહાનિની ફરિયાદ કરી, ગોપાલ ઈટાલિયાની સુરતમાં ધરપકડ કરાઇ





સુરત,

છેલ્લા ત્રણેક દિવસથી ગુજરાતમાં આમ આદમી પાર્ટીને લઈને નવાનવા ઝટકા લાગી રહ્યા છે. સુરત કોર્પોરેશનના ૧૦ કોર્પોરેટર ભાજપમાં ભળી ગયા છે. ત્યારબાદ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની કુલસચિવે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે વડાપ્રધાનની ડીગ્રી માગવા મુદ્દે માનહાનિની ફરિયાદ કરી છે. ત્યારે આજે ૧૭ એપ્રિલે સુરતમાં આપના ગુજરાતના પૂર્વ પ્રમુખ ગોપાલ ઈટાલિયાની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અટકાયત કરાઈ હોવાની માહિતી સામે આવી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અંગે વિવાદિત કોમેન્ટ બદલ ધરપકડ કરાઈ છે.

વિધાનસભાની ચૂંટણી વખતે આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી દ્વારા આક્ષેપ પ્રતિઆક્ષેપો થયા હતા. તે દરમિયાન પોતાના ચૂંટણી સંબોધનમાં જે તે સમયે તત્કાલિન આપના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ હર્ષ સંઘવીના વિરોધમાં ટિપ્પણીઓ કરી હતી, જેને ધ્યાનમાં રાખી ફરિયાદ થતાં આજે ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. વિધાનસભાની ચૂંટણી દરમિયાન ચૂંટણી પ્રચાર વખતે આપ નેતા ગોપાલ ઈટાલિયા દ્વારા ભાજપના નેતાઓ ઉપર સતત શાબ્દિક પ્રહારો કરવામાં આવ્યા હતા. સુરત શહેરમાં ચૂંટણીનો મિજાજ ખૂબ જ જામી ગયો હતો. તે દરમિયાન પોતાના રાજકીય નિવેદનમાં હર્ષ સંઘવી ઉપર સતત શાબ્દિક પ્રહાર કરવામાં આવતા હતા. રાજ્યમાં સતત ડ્રગ્સ પકડાતો હોવાને કારણે ગોપાલ ઈટાલિયા એ હર્ષ સંઘવીને ડ્રગ્સ સંઘવી તરીકે નિવેદન આપ્યું હતું. જે અંગે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આજે ક્રાઈમ બ્રાન્ચે તેમની ધરપકડ કરી છે.

પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા પર ચંપલ ફેંકીને અપમાનિત કરતાં કૃત્યો પણ કર્યા. ગોપાલ ઈટાલિયાની દિલ્હીમાં અટકાયત કરાયેલી એ પહેલીવાર નથી થયું. અગાઉ પણ તેમની ચાર વખત ધરપકડ થઈ છે અને બેવાર અટકાયત થઈ છે. ભગવાન કૃષ્ણને રાક્ષસ કહીને અપમાનિત કરવા બદલ તેની સામે કેસ દાખલ થઈ ચૂક્યો છે. ગોપાલ ઈટાલિયાની ક્યારે અને કયા કારણોસર ધરપકડ થઈ કે અટકાયત થઈ એ જાણીએ....

ગોપાલ ઈટાલિયા અમદાવાદ કલેક્ટર કચેરીમાં ક્લાર્ક હતા. પછી તેમની બદલી ધંધૂકા નાયબ કલેક્ટર ઓફિસમાં થઈ. ત્યાંથી તેમણે ભાજપ સામે નહોર ભરાવવાનું ચાલુ કર્યું. ઓગસ્ટ ૨૦૧૭માં ગાંધીનગર ખાતે વિધાનસભાની બહાર ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા જ્યારે મીડિયા સેન્ટર પાસે આવતા હતા ત્યારે ગોપાલ ઈટાલિયાએ તેમના પર ચંપલ ફેંક્યું હતું. આ ઘટના બાદ તરત જ ગોપાલ ઈટાલિયા પાસે ઊભેલા સુરક્ષાકર્મચારીઓ તેમને પકડી લીધા હતા, જોકે પ્રદીપસિંહને ચંપલ લાગ્યું નહોતું. ઈટાલિયા સામે આઈપીસી કલમ ૩૩૨, ૩૩૭, ૩૫૨, ૩૫૩, ૩૫૫, ૪૪૭ તથા કલમ ૧૨૦(બી હેઠળ સેક્ટર ૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ઘટનાથી એ ચર્ચામાં તો હતા જ, પણ જ્યારે તેમણે ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને ફોન કરીને રાજ્યમાં પ્રૉહિબિશનના કાયદાના નબળા અમલીકરણનો આરોપ લગાવી કોલ કર્યો હતો અને આ કોલનો ઓડિયો વાઇરલ થયો હતો. ત્યારથી ગોપાલ ઈટાલિયાનું નામ ચર્ચામાં વધારે આવી ગયું. આ ઘટના પછી થોડા દિવસોમાં જ આમ આદમી પાર્ટીએ તેને ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઘોષિત કર્યા હતા.

ગોપાલ ઈટાલિયાની આર્મ્સ એક્ટના ગુનામાં ૨૦૧૯ના જાન્યુઆરીમાં સુરત ક્રાઈમ બ્રાન્ચની મદદથી આણંદની વલ્લભવિદ્યાનગર પોલીસે ધરપકડ કરી હતી. પાટીદાર આંદોલન સમયે તેના મેસેજવાળો વીડિયો વાઇરલ થયો હતો, જેમાં પોતે ભૂંડ સામે ભડાકા કરે છે એવું જણાવીને ભાજપ પર ટિપ્પણી કરી હતી. એવા વિવાદાસ્પદ વીડિયોને કારણે વિદ્યાનગર પોલીસે આર્મ્સ એક્ટના ગુનામાં ધરપકડ કરી હતી. ગોપાલ ઈટાલિયાએ જનસંવેદના મુલાકાત કેમ્પેન ચલાવ્યું હતું. એ સમયે અલગ-અલગ ગામોમાં જન સંવેદના મુલાકાતમાં બીજા તબક્કાની શરૂઆત ઉમિયા માતાજીનાં દર્શન કરીને મુલાકાતની શરૂઆત કરવાની હતી. એ પહેલાં જ ઊંઝા નજીક ટોલનાકા પાસે મહેસાણા પોલીસે ઈટાલિયાની ધરપકડ કરી હતી. મહેસાણા પોલીસે એ સમયે એવું જણાવ્યું હતું કે ઈટાલિયાની અગાઉના એક કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ પર તોડફોડ કરવાના આરોપસર આમ આદમી પાર્ટીના નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં ગોપાસ ઈટાલિયા ઉપરાંત ઈસુદાન ગઢવી સહિતના નેતાઓ સામેલ હતા. આ નેતાઓની દસ દિવસ બાદ જેલમુક્તિ થઈ હતી.

સુરતમાં આપના કોર્પોરેટરોને મારવાના બનાવ બાદ રાજકારણ ગરમાયું હતું અને આપ દ્વારા ભાજપ કાર્યાલય ખાતે વિરોધપ્રદર્શન કરવામાં આવ્યું. અમદાવાદ અને સુરતમાં વિરોધપ્રદર્શન થયાં. સુરતમાં ભાજપ કાર્યાલય પર આપ કાર્યકર્તાની બબાલ મામલે પોલીસે ગોપાલ ઈટાલિયાની ધરપકડ કરી હતી. તેના સામે રાયોટિંગનો ગુનો દાખલ થયો હતો.

ગોપાલ ઈયાલિયા વિરુદ્ધ ઉમરાળા પોલીસમાં એફઆઈઆર દાખલ થઈ હતી. તેમણે એક પ્રવચનમાં ભગવાન કૃષ્ણને રાક્ષસ ગણાવ્યા હતા. તેમણે કહેલું કે કૃષ્ણ અને ભાજપ જેવા રાક્ષસોના પંજામાંથી ગુજરાતને છોડાવવા કેજરીવાલ જેવા અર્જુન આવ્યા છે. ગોપાલ ઈટાલિયાએ એક વીડિયોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી અને આ વીડિયો વાઇરલ થતાં વિવાદ સર્જાયો હતો. આ મામલે વડાપ્રધાન મોદી સામે વાંધાજનક શબ્દપ્રયોગથી સમગ્ર દેશની મહિલાઓનું અપમાન થયાનું કહી મહિલા આયોગએ ઈટાલિયા સામે નોટિસ કાઢી હતી. ઈટાલિયા આ નોટિસનો જવાબ આપવા એનસીડબ્લ્યુની દિલ્હી સ્થિત ઓફિસ પહોંચ્યા હતા, પરંતુ એ પહેલાં જ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

## કરી તો જુઓ



જીજ્ઞા કપુરીયા (નિયતી)

સુખ છે ક્ષણભંગુર, દુ:ખને કદી
માણી તો જુઓ.

પ્રભાત છે નિશ્ચિત,
અંધકારને કદી ઝીલી તો જુઓ.

જીવનમાં પડકારો છે ક્ષણિક,
કુદરતનાં વ્હાલને જીરવી તો
જુઓ.

તરસ અને તૃષ્ણાનો છે તલસાટ,
મહેનતથી અસ્તિત્વ ટકાવી તો જુઓ.

અબોટ તો વેલ પર પુષ્પ રહે છે કયાં?
કાંટાળી આવરણમાં મહેકવું તો જુઓ.

ખરા અર્થમાં સ્ત્રી તો છે સુલક્ષણા,
એની જીભમાં ઝેર સાચવવાની ક્ષમતા તો જુઓ.

ચંદ્રની ધરતી પર જવા ઈચ્છતો માનવ,
પોતીકાનાં હૃદયમાં સ્થાન બનાવી તો જુઓ.

નાની નાની બાબતમાં ખોટું લગાવવાની કયાં જરૂર,
મનમોટું રાખી ''લેટ ગો'' કરી તો જુઓ.

ધ્યાન, ધગસ અને ધીરજમાં છે સફળતા,
તો વણકહી વાતનો ડુમો ગળી તો જુઓ.

## આપની આજ.......

મેષ : આજે વિશેષ સંપત્તિ અને આવકના સાધનોમાં વધારો થવાની સંભાવના છે. આજે પ્રતિષ્ઠિત લોકો સાથે સંપર્કો થશે. વિદેશી બાબતોમાં પ્રગતિની સંભાવના છે. આજે વેપાર ક્ષેત્રે સાનુકૂળ લાભ મળવાનો આનંદ રહેશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે ખૂબ ફળદાયી રહેશે. તમારા પ્રયત્નો અને બુદ્ધિથી તમે કામ પૂરા કરશો. લાંબા અંતરની મુસાફરીની તક મળશે. વેપારમાં નફો વધશે, આવકના સ્ત્રોત વધશે.

મિથુન : આજનો દિવસ લાભદાયક રહેશે. જો તમે શેરમાં સમજદારીપૂર્વક રોકાણ કરો છો તો તમે અનુકૂળ લાભ મેળવી શકશો. આ સાંજથી રાત સુધી વાહનોના ઉપયોગમાં સાવચેત રહો.

કર્ક : આજનો દિવસ થોડો મૂંઝવણભર્યો હોઈ શકે છે. કાર્યક્ષેત્રમાં તેમની વ્યસ્તતા વધશે. વેપારમાં નફા માટે વેપારીઓએ વધુ મહેનત કરવી પડશે. નોકરી શોધનારાઓએ આજે સંયમ અને સમજદારીથી કામ કરવું પડશે.

સિંહ : આજનો દિવસ મૂંઝવણભર્યો રહી શકે છે. માતાના સ્વાસ્થ્યની ચિંતા થઈ શકે છે, તેમની સંભાળ રાખો. નવી નોકરી અથવા ડીલ કરવા માટે ઉતાવળ ના કરો. આજે શક્ય છે કે મુસાફરીની યોજનાઓ બનાવી શકે અને છેલ્લી ઘડીએ યોજનાઓ મુલતવી રાખો.

કન્યા : આજે વ્યવહારની દ્રષ્ટિએ એક મહત્વપૂર્ણ ડીલ તમારી તરફેણમાં નિર્ણાયક બની શકે છે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો. અટકેલું કામ પણ પૂર્ણ થશે.

તુલા : આજનો દિવસ મિશ્ર ફળદાયી છે. જોકે, બપોરે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિની શક્યતાઓ છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. જીવનસાથીનો સહયોગ અને સહકાર તમને આજે વિશેષ સન્માન અને લાભો આપશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે શુભ છે. આજે વરિષ્ઠ લોકો પણ તમારી વાત સાંભળશે. તમામ જરૂરી કામ સરળતાથી થશે. તે પણ શક્ય છે કે તમારું કામ જે છેલ્લા ઘણા મહિનાઓથી અટકેલું છે તે શરૂ થઈ શકે છે અથવા કામ પૂર્ણ થઈ શકે છે.

ધન : આજનો દિવસ સારો રહેશે. પારિવારિક સમસ્યાઓ ઉકેલવાથી તમે રાહત અનુભવશો. સાંજનો સમય તમારા માટે વધુ અનુકૂળ રહેશે, મનમાં ખુશી રહેશે અને ધનલાભની તક પણ રહેશે.

મકર : આજનો દિવસ તમારા માટે પ્રમાણમાં શુભ રહેશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. એટલું જ નહીં, આજે તમારો આર્થિક પક્ષ મજબૂત બને છે અને સંપત્તિ, આદર, ખ્યાતિ વધે છે. કોઈ અટકેલું કામ પૂરું થશે.

કુંભ : આર્થિક બાબતોમાં આજે સંયમથી કામ લો, તમારે ખરીદી પણ સાવધાનીપૂર્વક કરવી જોઈએ. તમારે ટૂંકા ગાળાના રોકાણો અથવા ટૂંકા ગાળાના માલ ખરીદવાનું ટાળવું જોઈએ. સારી વાત એ છે કે આજે તમારું મન રચનાત્મક કાર્યમાં વ્યસ્ત રહેશે, તમે ક્ષેત્રમાં જ્ઞાન અને અનુભવનો લાભ મેળવી શકશો.

મીન : આજે અચાનક બાળકોના દુ:ખને કારણે મન પરેશાન થઈ શકે છે. તમારે કાર્યસ્થળ પર દિવસભર દોડવું પડી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. લાંબા સમયથી રાહ જોવાતા મહેમાન સાંજે આવવાથી ખુશ થઈ શકો છો. રાત્રે કોઈ પણ શુભ કાર્યમાં ભાગ લઈને તમારું સન્માન વધશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સંજેલી બેંક ઓફ બરોડામાં ખાતેદારોના ખાતા બંધ થતા હપ્તા બાઉન્સ અને લેવડદેવડ ઠપ

દાહોદ,

સંજેલી બેંક ઓફ બરોડા ઘણા ખરા ખાતેદારોના ખાતા બંધ થતા ખાતેદારોને હાલાકી લોનના હપ્તાઓ બાઉન્સ તો નાણાની લેવડદેવડ બંધ GST નંબર ના હોય તો વીમો લઈ અને ખાતું શરૂ કરવામાં આવશે. બેંક પાસબુક મશીન બેંક બેલેન્સ નાણાંની લેવડદેવડ અને બેંક પાસબુક અને KYC માટે બેંકમાં ખાતેદારોની લાંબી લાઈન, ગામડાઓના BC પોઈન્ટની હાટડીઓ સંજેલીમાં જ ધમધમતી થઈ ખાતેદારોને બારે હાલાકી.




સંજેલી ખાતે આવેલી બેંક ઓફ બરોડામાં ઘણા ખાતેદારોના ખાતા લોક કરી દેવામાં આવ્યા છે. જેના કારણે ખાતામાં રકમ હોવા છતાં પણ હપ્તા બાઉન્સ અને પેનલ્ટી લાગી તેમજ નાણાંની લેવડ દેવડ માટે પણ બેંકમાં ખાતા ખોલાવવા માટે ધરમ ધક્કા GST સહિતના ડોક્યુમેન્ટ ના હોય તો ખાતા ખોલવા માટે વીમો લો તો ખાતું ખોલી આપવામાં આવશે બેંકમાં નવા નિયમ પ્રમાણે KYના કારણે ખાતાઓ બંધ બેંકમાં પાસબુક મશીન બંધ નાણાની લેવડ દેવડ માટે એક જ કાઉન્ટર હોવાથી હાલાકી બેંક બેલેન્સ ચેક કરવા માટે પણ વહેલી સવાર થી સાંજ સુધી લાઈનમાં ઊભું રહેવું પડે છે. બેંકના કર્મચારી દ્વારા ખાતેદારોને યોગ્ય જવાબ આપવામાં આવતો નથી. તેમજ સંજેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને ઘર આંગણે બીસી પોઈન્ટ દ્વારા મળતી સુવિધાઓ માત્ર કાગળ પર જ દર્શાવવામાં આવી હોય તેમ બીસી પોઈન્ટો સંજેલી બજારમાં ધમધમી રહ્યા છે. બીસી પોઈન્ટ ઉપર નાણાંની લેવડ દેવડ માટેનો ચાર્જ કે તેના મળતી સુવિધાઓ વિશેના બોર્ડ લગાવવામાં આવ્યા નથી. બીસી પોઈન્ટ પર નાણાં ઉપાડી અને ચા પાણીના ઉઘરાણા થતા હોવાની લોક ચર્ચાઓ. આવી અનેક ખાતેદારોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વહેલી સવારથી જ સંજેલી ખાતે આવેલી બેંક ઓફ બરોડામાં રોડ સુધી લાંબી લાઈન જોવા મળી રહી છે.

**- સેવિંગ ખાતામાં GST નંબર સહિતના ડોક્યુમેન્ટ ની માંગ અથવા તો વીમો ખોલાવો.**
**- બેંક પાસબુક મશીન બંધ ગામડના BC પોઈન્ટો સંજેલી બજારમાં હાટડીઓ.**

લગભગ બે માસથી સેવિંગ ખાતું બ્લોક થતા ખાતામાં બેલેન્સ હોવા છતાં પણ બજાજ અને નેપકી Financeના હપ્તા બાઉન્સ થયા છે અને પેનલ્ટી લાગી છે. અમે બેંકના રેગ્યુલર ગ્રાહક છે, તેમજ લોનના આપતાઓ પણ રેગ્યુલર ભરતા હોય બેંકનું ખાતું બંધ કરી દેવાતા અમારા લોનના હપ્તા ૨૨ થતાં પેનલ્ટીઓ ભરવાનોવારો આવ્યો છે. અમારી ક્રેડિટ તેમજ સિબીલ સ્કોર ખરાબ થાય તો તે માટે જવાબદાર કોણ ?
**રવિ પરમાર, સંજેલી, બરોડા બેંક ગ્રાહક.....**

સંજેલી બેન્ક ઓફ બરોડામાં મારૂ સેવિંગ ખાતું લોક કરી દીધું છે ફોન પે અને ગૂગલ પે એન્ટ્રી લો છો તેનો એન્ટ્રી હિસાબ આપો GSTનંબર તેમજ બેલેન્સશીટ નફો નુકસાનનું આપો ના હોય તો દર વર્ષે રૂા.30,000/- નો વીમો કરાવી લો તો ખાતુ શરૂ કરી દઈએ.
**પ્રતીક કુમાર જયસ્વાલ સંજેલી.....**


સંજેલી બેન્ક ઓફ બરોડામાં મારૂં સેવિંગ ખાતું લોક કરી દેવામાં આવ્યું છે. પાનકાર્ડ આધારકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ આપવા છતાં પણ ખાતુ શરૂ કરવામાં આવતું નથી. જીએસટી નંબર આપો ના હોય તો શરૂ કરવા માટે દર વર્ષે 30 હજાર રૂપિયાનું વીમો પાંચ વર્ષ માટે લઈ લો. તો ખાતું શરૂ કરી આપું.
**પ્રકાશભાઈ સેલોત, ચમારિયા**

સમસ્યાને લઈને સંજેલી Bank Of Baroda ના મેનેજરનો સંપર્ક કરતા તેઓએ ફોન રિસીવ કર્યો ન હતો અને લીડ મેનેજરનો સંપર્ક કર્યો હતો. સંજેલી બેંક ઓફ બરોડામાં પૂરતો સ્ટાફ નથી. તેમજ તાલુકાની લોકોમાં બેકમાં પૈસા ભરવા માટે લોકમાનસ નથી. તેમજ બીસી પોઈન્ટ પર જે ચાર્ટ નથી લગાવ્યો તે લગાવવા જણાવી દઉં છું, તેમજ બીસી પોઈન્ટ પરથી વધારે રૂપિયા ઉઘરાવવામાં આવતા હોય તો તેમની પર કાર્યવાહી કરવામાં આવશે.
**લીડ મેનેજર સુનિલભાઈ બારીયા.....**

## દે.બારીયા રજવાડી શહેરમાં કુવા, વાવોમાં પાણી તો ભરપૂર ભરેલા પરંતુ કચરા થી દુષિત અને લીલની સાફસફાઈ ક્યારે કરાશે ???

દે.બારીયા,

દે.બારીયા શહેર રજવાડી સમયનો પંચમહાલનું પેરીસ તરીકે ઓળખાતું શહેરનું નામ દે.બારીયા સ્ટેટનું કેપીટલ શહેર દે.બારીયા શહેરની ગણના થતી હતી. તે રજવાડી સમયથી પીવાના પાણીના સ્ત્રોતોમાં મુખ્ય શ્રોતમાન સરોવર મહારાજા માનસિંહજીના નામે છપ્પનીયાકાળમાં મોટા તળાવનું ખોદકાર્ય કરાયું હતું. તે છપ્પનીયો કાળ એટલે ભયંકર ભુખમરો હતો. તે સમયના રાજવીએ વિચારીયું જનતા ભુખેના રહે અને કાર્ય કરે અને ખાવાનું અનાજ રાજવી સમયમાં આપવામાં આવતું હતું. આજે હાલની સરકારી વિના મુલ્યે ઘઉં, ચોખા આપે છે. કોઈપણ કાર્ય વગર પરંતુ હાલ તો વિના મુલ્યેનો અનાજનો


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

જથ્થો ૫૦ ટકા સગેવગે થઈ જાય છે. જરૂરતમંદ લાભાર્થીઓને મળતો નથી. તે સમય અને આજના સમયમાં ઘણો ફરક છે.

દે.બારીયા શહેરમાં કુવા અને વાવોની કમી નથી. તેની લગભગ સંખ્યા ૪૦ થી ૫૦ હશે તેમાં પુષ્કળ પાણી ભરેલું છે. પરંતુ અમુક વાપરવા લાયક છે. વધારે પડતા પ્રદુષિત થઈ ગયેલા છે. તેની સાફ સફાઈ નગર પાલિકાના દ્વારા દર વખતે થાય છે. જાળવણીનો અભાવ જોવા મળે છે. આ પ્રદુષિત કુવા, વાવોની સાફસફાઈ થાય તેવી માંગ છે. પાલિકાના વહિવટ કરતાઓ પીવાનું પાણી પ્રદુષિત ના થાય શહેરમાં પાણીના સ્ત્રોતોની સાથે પાણીનું સ્તર ઉંચે આવે તે માટે કાર્ય કરે તો આવનારી પેઢી માટે સારા દિવસો આવશે તેમાં બેમત નથી. આ કુવાઓ વાપરવા લાયક વાસણ, કપડાં તેમજ બાંધ કાર્ય માટે વાપરવા માટે ઉપયોગમાં લેવાશે. કુવા તથા વાવ પાનમ નદીનો ચેકડેમ પણ સુકો થતા પાણી ઓછું થયું છે. ચેકડેમમાં રેતીનો ભરાવ થઈ જતા પાણીનો સંગ્રહ ઓછું થાય છે. તો પાનમ નદીના ચેકડેમ માંથી રેતીનો ભરાવો ઓછો કરવાની આવશ્યકતા છે.

આવનારા સમયમાં શહેરવાસીઓને પ્રદુષિત યુકત અને ફિલ્ટરવાળું પીવાનું પાણી મળી રહે તે માટે હાલથી કાર્ય કરવા પડશે તો જ શહેરનો વિકાસ થયેલો ગણાશે અને મોડેલ તાલુકા અને શહેરમાં ગણના થશે. દેશ આઝાદ થયે ૭૫મા વર્ષે પણ પીવાનું પાણી ચોખ્ખું મળતું નથી. તે માટે આપણે જવાબદાર છીએ. દરેક ક્ષેત્રે પ્રદુષણ અટકાવવા માટે આગળ આવવું પડશે અને સ્વચ્છ ભારત મીશન માટે કાર્યદ્રળતા સાથે આગળ ધપાવવો રહ્યો.

## દાહોદના ઉકરડી ગામે નિવૃત્ત ૬૫ વર્ષીય પિતાના મૃત્યુ થતાં પાંચ પુત્રીઓએ અગ્નિદાહ આપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ઉકરડી ગામે રહેતાં અને રીટાયર્ડ ફોરમેન અંદાજે ૬૫ વર્ષીય માનસીંગભાઈ વહોનીયાનું મૃત્યુ નીપજતાં તેઓને સંતાનમાં કોઈ પુત્ર ન હોવાથી તેઓની પાંચ પુત્રીઓ પિતાને અગ્નિદાહ આપતાં સૌ કોઈની આંખો અશ્રુભીની થઈ ગઈ હતી.

દિકરી તો વ્હાલનો દરીયો અને કળયુગમાં સતયુગ છે દીકરી.. કહેવતને આજે દાહોદ તાલુકાના ઉકરડી ગામે રહેતાં સ્વ. માનસીંગભાઈ વહોનીયાની પાંચ દિકરીઓએ સાબીત કરી બતાવી છે. માનસીંગભાઈને સંતાનમાં કોઈ દીકરો ન હતો પરંતુ દિકરાઓ સમાન પાંચ દિકરીઓ છે. માનસીંગભાઈની દિકરીઓમાં ૩૫ વર્ષીય મીનાબેન, ૩૦ વર્ષીય ટીનાબેન, ૩૨ વર્ષીય


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પિન્કીબેન, ૨૬ વર્ષીય સુરેખાબેન અને ૨૪ વર્ષિય સોનુબેન આમ પાંચ દિકરીઓ છે. જેમાં માત્ર ૨૪ વર્ષિય સોનુબેન અપરણિત બાકી અન્ય પુત્રીઓ પરણિત છે. માનસીંગભાઈ ફોરમેન તરીકે ફરજ બજાવતાં હતાં અને રીટાયર્ડ થઈ ચુક્યાં હતાં. બે વર્ષ પૂર્વે માનસીંગભાઈની પત્નિ મંગળીબેનનું અવસાન થતાં પ્રથમ તો પાંચેય પુત્રીઓએ પોતાની માતાને ગુમાવી મુકી હતી. ત્યારે છેલ્લા કેટલાંય સમયથી માનસીંગભાઈની પણ તબીયત સારી રહેતી ન હતી અને આખરે ગતરોજ માનસીંગભાઈનું પણ કુદરતી મોત નીપજ્યું હતું. પાંચેય દિકરીઓએ માતા-પિતાની છત્ર ગુમાવી બેઠા હતાં. હિન્દુ શાસ્ત્રો પ્રમાણે પિતાને અગ્નિદાહ તેઓના પુત્ર આપતાં હોય છે, પરંતુ માનસીંગભાઈને પુત્ર ન હોવાને કારણે તેઓની પુત્ર સમાન પાંચ દિકરીઓએ પિતાને અગ્નિદાહ આપવાનું નક્કી કર્યુ. ત્યારે આજરોજ પાંચેય પુત્રીઓ પોતાના પિતાની અંતિમ યાત્રામાં જોડાઈ હતી અને દાહોદ શહેરમાં આવેલ સ્માશાન ગૃહ ખાતે પોતાના પિતાના પ્રાથિવ દેહને લઈને સમાજના લોકો સાથે પુત્રીઓ પહોંચી હતી. પાંચેય પુત્રીઓએ અશ્રુભીની આંખો સાથે પોતાના પિતાને અગ્નિદાહ આપતાં ઉપસ્થિત સૌ કોઈની આંખોમાં આંસુ આવી ગયાં હતાં.

## દે.બારીયાના ભથવાડા ટોલનાકા પાસેથી ટ્રકમાં લઈ જવાતો ૧૭.૮૯ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલકાના પરથી પીપલોદ પોલીસે અધધ કહી શકાય એટલો રૂા. ૧૭,૮૯,૫૭૨/–ના વિદેશી દારૂના જથ્થા સાથે એક ટ્રક ઝડપી પાડી ટ્રકના ચાલક તેમજ કલીનરની અટકાયત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૩૨,૦૦૫૭૨/–નો મુદ્દામાલ કબજે કર્યો છે. આટલા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઝડપાતાં ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂની રેલમઝેલ થઈ રહી હોવાનું સ્પષ્ટ જોઈ શકાય તેમ છે.



દાહોદ જિલ્લામાં ગેરકાયદે પ્રવૃતિઓ, વિદેશી દારૂની હેરાફેરી, નાસતા ફરતાં, જુગારની પ્રવૃતિઓ, વોન્ટેડ આરોપીઓ વિગેરે ગુન્હાઓ સબબ દાહોદ જિલ્લા પોલીસ વડા દ્વારા દાહોદ જિલ્લાની પોલીસને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપતાં દાહોદ જિલ્લા પોલીસ દ્વારા આવા ગુન્હાઓને ડામવા માટે કામગીરી કરી રહી છે. ત્યારે દેવગઢ બારીઆની પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ ભથવાડા ટોલનાકા પાસેથી નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક બંધ બોડી ટ્રક ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ટ્રક નજીક આવતાંની સાથે તેને ચારેય તરફથી ઘેરી લીધી હતી. પોલીસે ટ્રકની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. ટ્રકમાંથી પોલીસે વિદેશી દારૂની પેટીઓ નંગ. ૫૦૭ જેમાં કુલ બોટલો નંગ. ૯૬૧૨ જેની કુલ કિંમત રૂા. ૧૭,૮૯,૫૭૨/–ના પ્રોહી જથ્થા સાથે ટ્રકની કિંમત મળી કુલ રૂા.૩૨,૦૦,૫૭૨/–નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. ટ્રકના ચાલક ભેમારામ જેઠારામ ચૌધરી અને ક્લીનર મોહનરામ ધમડારામ ચૌધરી (બંન્ને રહે. રાજસ્થાન)ની પોલીસે અટકાયત કરી હતી. આ સંબંધે પીપલોદ પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લા સહકારી અને દાહોદ જિલ્લા સહકારી સંઘની ચેરમેન વાઈસ ચેરમેન તથા માનદ્મંત્રીની ચૂંટણી બિનહરીફ યોજાઈ



દાહોદ,

દાહોદ જિલ્લા સહકારી સંઘની ૨–૫ વર્ષની મુદ્દત માટે ચેરમેન વાઈસ ચેરમેન તથા માનદ્દ મંત્રીની ચૂંટણી દાહોદ પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં સંઘના ચેરમેન માટેની દરખાસ્ત ભુપેન્દ્રભાઈ ચૌહાણ તથા ટેકો સાબીર શેખએ ચેરમેન માટે કલસીંગભાઈ મેડાના નામની મૂકી જેને ચૂંટણી અધિકારીએ બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા. ત્યારબાદ વાઈસ ચેરમેન માટે મુકેશભાઈ પરમારની દરખાસ્ત સુરપાલ ભાઈ ભાભોરે તથા ટેકો હરેન્દ્રસિંહ નાયકે મુકયો જેમાં અન્ય હરીફના રહેતા મુકેશભાઈ પરમારને બિન હરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. માનદ્દ મંત્રી માટે ગોપાલભાઈ ધાનકાની દરખાસ્ત ડૉકટર કિશોરભાઈ તાવિયાડએ તથા ટેકો યોગેન્દ્રભાઈ પાઠકે મુક્યો હતો અન્ય કોઈ દરખાસ્તના આવતા માનદ્મંત્રી માટે ગોપાલભાઈ ધાનકા બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંઘના ડિરેક્ટરોએ વિજેતા ઓને પુષ્પમાળા પહેરાવી એક બીજાને મીઠાઈ ખવડાવી અભિનંદન પાઠવ્યા હતા.

## દે.બારીયાના બામરોલી ગામે બુટલેગરના ઘર અને કોતરમાં સંતાડી રાખેલ ૧.૫૬ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના બામરોલી ગામે સુથાર ફળિયામાં રહેતા એક બુટલેગરનાં રહેણાંક મકાનમાં ખેતરવાળા ઢાળીયાની બાજુમાં ઘાસનાં ઢગલામાંથી તથા ઘર નજીકનાં ડુંગરનાં જંગલમાં કોતર વાળી ઝાડ નીચેથી મળી ત્રણે જગ્યાએથી રૂા. ૧.૫૬ લાખ ઉપંરાત ની કિંમતના વિદેશી દારૂ બીયરનો જથ્થો સાગટાળા પોલીસે ઓચિંતી રેડ પાડી કબ્જે લીધાનું જાણવા મળ્યું છે.

પ્રોહી અંગેની પોતાની મળેલ બાતમીને આધારે બામરોલી ગામનાં સુથાર ફળિયામાં રહેતા દિલિપભાઈ ધુળાભાઈ રાઠવા ગામનાં બુટલેગરનાં રહેણાંક મકાનમાં ગઈકાલે બપોરના ત્રણ વાગ્યાના સુમારે ઓચિંતી રેડ પાડતાં પોલીસેની રેડજોઈ બુટલેગર દિલીપભાઈ રાઠવા નાશી ગયો હતો. જયારે પોલીસ દીલીપભાઈ રાઠવાનાં રહેણાંક મકાનમાંથી ઘરથી દુર ઉત્તર દિશાતરફના ખેતરવાળા ઢાળીયાની બાજુમાં ઘાસના પુળા નીચેથી તથા ઘરની નજીક આવેલ ડુંગરના જંગલમાં કોતરવાળા ઝાડ નીચે એક પતરાનાં પઢારમાંથી એમ ત્રણે જગ્યાએથી કુલ રૂા.૧,૫૬,૦૪૮/– ની કુલ કિમતની ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની પેટી નંગ. ૮ તથા ટીન બીયરની પેટીઓ નં. ૨૮ તેમજ છુટાટીન બીયર નં. ૮૭ તથા પ્લાસ્ટીકનાં કવાટરનં. ૭૬ મળી કુલ નાની મોટી બોટલ નં. ૧૨૧૯ પકડી પાડી સાથે સાથે રૂા.૧૫૭૦૪૮ નો મુદ્દામાલ કબ્જે લઈ બામરોલી ગામના સુથાર ફળિયામાં રહેતા બુટલેગર દિલીપભાઈ ધુળાભાઈ રાઠવા વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

**ઝાલોદ તાલુકા શિક્ષક સંઘના હોદ્દેદારોની એક બેઠક દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી મહેન્દ્રભાઈ લાવાણાની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં ગાંધીનગર ખાતે યોજાનાર રાષ્ટ્રીય અધિવેશન અને પૂ.મોરારી બાપુની શ્રી રામ કથાના આયોજન બાબતે વિશેષ ચર્ચા કરવામાં આવેલ હતી. જેમાં ગુજરાત રાજ્ય સાહિત સમગ્ર રાષ્ટ્ર માંથી વિશેષ સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહેનાર છે. ત્યારે ઝાલોદ તાલુકા માંથી પણ મહિલાઓ સહિત વિશેષ પ્રમાણમાં શિક્ષકો હાજર રહેનાર છે. તે માટે ઝાલોદ તાલુકાના શિક્ષકો દ્વારા પણ વિશેષ પ્રમાણમાં રામકથા માટે દાન આપવામાં આવનાર છે.**

## દાહોદ રાવળીયાવાસમાં ૩૭ વર્ષીય શ્રમિક યુવકે સાડી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ, પડાવ રાવળીયાવાડમાં રહેતા ગતરોજ સવારે રાવળ સમાજનાં ૩૭ વર્ષીય શ્રમિક યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાના માતાજીના થાપડાવાળા મકાનમાં લાકડાની વળીએ સાડી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.

દાહોદ પડાવ રાવળીયાવાડમાં રહેતા અને ભંગારનો ધંધો કરતા ૩૭ વર્ષીય ધર્મએશભાઈ નંદકિરશોર કોઈ અગમ્ય કારણોસર પોતના માતાજીના મકાનમાં સાડી વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. ઘટનાની જાણ થતાં અંગેની જાણ થતા દાહોદ ટાઉન એ–ડિવીઝન પોલીસને થતાં પોલીસ રાવળીયાવાડ ખાતે દોડી આવી હતી અને મૃતક ધર્મેશભાઈ રાવળની લાશને નીચે ઉતારી પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી લાશને પોસ્ટ મોર્ટ માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલી હતી. ધર્મેશભાઈ રાવળનાં અકાળે મોતથી તેમના પરિવારમાં મોતનો માત છવાયો હતો. આ સંબંધે રાવળીયાવાડનાં મરણજનાર ધર્મએશભાઈ રાવળની પત્નિ ૩૫ વર્ષીય આશાબેન ધર્મેશભાઈ નંદકિશોર રાવળે દાહોદ ટાઉન એ ડિવીઝન પોલીસ સ્ટેશને જાણ થતાં પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતનો ગુનાના કાગળો તૈયાર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સરકારી ઈજેનેરી કોલેજ, દાહોદ ખાતે પેટન્ટ ડ્રાફટીંગ અંગે "ડ્રાફટેથોન-૨૦૨૩"નું આયોજન

દાહોદ,

સરકારી ઈજેનેરી કોલેજ, દાહોદ ખાતે પેટન્ટ ડ્રાફટીંગ અંગે "ડ્રાફટેથોન–૨૦૨૩" નું આયોજન ગત શનીવારે કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમનું આયોજન સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી ૨.૦ અંતર્ગત સંયુક્ત રીતે આઈઆઈસી કલબ તથા જીઆઈસી કલબના સહયોગમાં કરવામાં આવ્યું હતું.

ભાવેશ પટેલ, પેટન્ટ એટર્ની, ઈન્ફીઈનવેન્ટ, વડોદરા દ્વારા પેટન્ટ ડ્રાફટીંગની પ્રોસેસ અને તેનું મહત્વ લાઈવ ડેમો દ્વારા વિવિધ જીવંત ઉદાહરણો દ્વારા સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું. ત્યાર બાદ ડો. મહેશ ચુડાસમા દ્વારા ઈન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન રજીસ્ટ્રેશન પ્રોસેસ વિષે ઉપયોગી વકતવ્ય આપવામાં આવ્યું હતું તથા ડો . દીપેન કોન્ટ્રાક્ટર દ્વારા હેન્ડ્સ ઓન પેટન્ટ ડ્રાફટીંગ પ્રેકટીસ કરાવવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રો. પી. બી. ટેલર દ્વારા પ્રાસંગિક ઉદબોધન થી કરાવવામાં આવી હતી. કાર્યક્રમમાં સંસ્થા ના આઈ.આઈ.સી. કલબના પ્રેસિડેન્ટ ડો. ડી. બી. જાની, પ્રાધ્યાપક ગણ તથા વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ એ રસપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે ૨ પેટન્ટ સફળતા પૂર્વક ફાઈલ કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનુ આયોજન એસ. એસ. આઈ. સીં. ૨.૦ ના ડીપાર્ટમેન્ટ કોઓર્ડિનેટર ડો . દીપેન કોન્ટ્રાક્ટર તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્વાગત સપ્તાહ ઉજવણી : ફતેપુરા ખાતે આગામી તા. ૧૮ -૧૯ એપ્રીલના રોજ ગ્રામ પંચાયત કાર્યક્રમ

દાહોદ,

દાહોદ જિલ્લામાં એપ્રિલ માસના ચોથા સપ્તાહને સ્વાગત સપ્તાહ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. દાહોદ જિલ્લામાં સ્વાગત સપ્તાહની ઉજવણી અંતર્ગત ૫૦ ગ્રામ પંચાયતો ખાતે વર્ગ–૨ ના અધિકારીઓની અધ્યક્ષતામાં ગ્રામ સ્વાગતનું આયોજન કરાયું છે. આ ગ્રામ સ્વાગત કાર્યક્રમમાં લોકો મોટી સંખ્યામાં ભાગ લઈને પોતાના પ્રશ્નોનું નિરાકરણ લાવે તે માટે કલેક્ટર ડો. ગોસાવીએ જણાવ્યું છે. ગ્રામ સ્વાગત કાર્યક્રમ અંતર્ગત આગામી તા.૧૮ એપ્રીલના રોજ ફતેપુરાના ગ્રામ પંચાયત સાગડાપાડાની મારગાળા ખાતેની જિલ્લા પંચાયતની સીટ ખાતે સવારે ૧૧ વાગે ગ્રામ સ્વાગત કાર્યક્રમ એસ.એમ. ચરપોટની અધ્યક્ષતામાં યોજાશે. જ્યારે ફતેપુરાના ગ્રામ પંચાયત વાંગડની મોટી રેલ ખાતેની જિલ્લા પંચાયતની સીટ ખાતે સવારે ૧૧ વાગે મતિ એલ.એમ. પારગીની અધ્યક્ષતામાં યોજાશે.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.201

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબાના જોરાપુરા ગામમાં

# નલ સે જલ યોજના ખાડે પડી, પાણી આવવાના પહેલા નળ તૂટી પડ્યા



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા



> આ સમગ્ર મામલે જોરાપુરા ગ્રામ પંચાયતના તલાટી જે.એમ.રાઠવા સાથે પાણીની સમસ્યા અંગે વાતચીત કરતાં તેઓ એ જણાવ્યું હતું કે, મને આ સમસ્યા અંગે આપના માધ્યમથી હાલ જાણ થઈ છે. જેથી તપાસ કરી યોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. નલ સે જળ યોજનાની કામગીરી અંગે સ્થાનિકોએ કરેલા આક્ષેપ અંગે પુછતાં તેઓએ કહ્યું હતું કે, યોજનાની કામગીરીનું ફાઈનલ બિલ ચુકવણું હજી બાકી છે. જેથી જેની કામગીરી ચકાસી જરૂરી બાકી કામગીરી પૂર્ણ કર્યા બાદ જ બિલ ચૂકવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ગોધરા,

નલ સે જલ યોજનાથી ઘરે ઘરે નળ પહોંચાડાયા પણ બધે જ પાણી આવે છે તેવું વિશ્વાસપૂર્વક કહી શકાય ? આવું એટલા માટે સવાલ કરવો પડે છે કેમ કે, નલ સે જલ યોજનામાં ઘણા એવા વિસ્તારો છે. જ્યાં માત્ર નળ જ આવ્યા અને તૂટી પણ ગયા પણ પાણી નો એક ટીપું ન પોહચ્યો, અને પીવાનો પાણી ન પહોંચવાના કારણે એ ગામના લોકોને અને મહિલાઓને આજે પણ પાણી માટે રઝળપાટ કરવો પડે છે. આવું જ એક ગામ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં છે, જ્યાં એક વર્ષ અગાઉના સમયથી નળ આવ્યાં તો ખરાં પણ એ નળ માંથી આજદિન સુધી પાણીનું એક ટીપું પણ પડ્યું નથી અને એ નળ તૂટી પણ પડ્યા અને સરકારે કરેલ કરોડોનો ખર્ચ પાણીમાં ગયો હોવાનું બહાર આવ્યું છે.

હાલ ઉનાળાની ઋતુનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ત્યારે સરકાર દ્વારા રાજ્યના કોઈ પણ નાગરિકને પીવાના પાણી કે રોજિંદા ઉપયોગમાં લેવાતા પાણીની તકલીફનો સામનો ના કરવો પડે એના માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં હેન્ડ પંપ, નલ સે જલ યોજના સહિતની અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ આ યોજનાઓ હેઠળ થયેલી કામગીરી અને યોજનાનું અમલીકરણ કેટલાક ગામોમાં આજે પણ યોગ્ય જોવા મળતું નથી. જેને લઈ વિકાસની વાતો વચ્ચે આજે પણ ક્યાંક ને ક્યાંક પરિસ્થિતિ વિપરીત જોવા મળી રહી છે. એવીજ વિપરીત પરિસ્થિતિ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં જોવા મળી રહી છે. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના છેવાડે આવેલા જોરાપુરા(વાંગરવા) ગામના રહીશોને ઉનાળાના પ્રારંભે પીવા, ઘર વપરાશ તેમજ પશુપાલન માટે ઉપયોગમાં લેવાતા પાણી માટે રઝળપાટ કરવાની સ્થિતિનું નિર્માણ થયું છે. અહીં સરકાર દ્વારા હર ઘર નળ અને હર ઘર પીવાનું શુદ્ધ પાણી મળી રહે એવા શુભ આશયથી નલ સે જલ યોજના હેઠળ લાખો રૂપિયા ખર્ચ કરી નળના કનેકશન આપવામાં આવ્યા છે. પરંતુ જેમાં આજ દિન સુધી પાણીનું ટીપું પણ આવ્યું નથી. વળી અહીં આપવામાં આવેલા નળ જોડાણની તદ્દન હલકી ગુણવત્તા વાળી કામગીરીને લઈને તમામ ઘર આંગણે ઉભા કરાયેલા નળ જોડાણ પૈકી કેટલાય જોડાણ તૂટીને જમીનદોસ્ત થયેલા પણ જોવા મળી રહ્યા છે. જેથી નલ સે જલ યોજના હાલ તો આખા ગામમાં શોભાના ગાંઠિયા સમાન બની છે અને ગામની મહિલાઓને સવાર પડતાજ પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે.

કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલય અંતર્ગત દરેક ઘર સુધી પીવાનું પાણી પહોંચે તે માટે દેશના પ્રધાનમંત્રીના નેતૃત્વમાં નલ સે જલ યોજના શરૂ કરવામાં આવી છે. જેનો ઉદ્દેશ છે કે દેશ દરેક રાજયના દરેક ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં ઘર હશે, ત્યાં નળ હશે તેવા સંકલ્પ સાથે રાજ્ય સરકાર પણ આગળ વધી રહી છે અને દરેક ઘર સુધી નલ દ્વારા પીવાનું પાણી મળી રહે અને પાણી માટેની રઝળપાટ માંથી ગ્રામીણ મહિલાઓને મુક્તિ મળી રહે અને આ યોજના માટે સરકાર દ્વારા કરવામાં આવતી ગ્રાન્ટની ફાળવણી અને અમલમાં મુકાતી યોજના ચોક્કસ છેવાડાના માનવી માટે ફાયદા રૂપ જ છે અને સારી જ છે. પરંતુ જેના અમલીકરણ માટે જવાબદારોની રેઢીયાળ નીતિ અથવા બેદરકારી જે કહીએ કે માનીએ પરંતુ જેને લઈ આજે પણ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યાનો કેટલાય રહીશો સામનો કરી રહ્યા છે. ઘોઘંબા તાલુકાના જોરાપુરા વાંગરવા ગામમાં હર ઘર સુધી માત્ર નળ જ આવ્યા પણ તેમાં આજદિન સુધી પાણી આવ્યું નથી અને જે નળ બેસાડ્યા તેમાં પણ વેઠ ઉતારવામાં આવી હોવા ઉપરાંત કેટલાક નળ તો પાણી આવાના પહેલાજ તૂટી પણ પડ્યા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. અહીં નળના કનેકશન આપવા છતાં જે શોભાના ગાંઠિયા સમાન બની રહ્યા છે અને ગામના લોકોને અને મહિલાઓ પીવાના પાણી માટે રઝળપાટ કરવા મજબુર બન્યા છે.

પંચમહાલ જિલ્લાના છેવાડે દાહોદ જિલ્લાની હદને અડીને આવેલા જોરાપુરા વાંગરવા ગામના પટેલ ફળિયાના રહીશોની પાણી માટે હાલ કફોડી હાલત જોવા મળી રહી છે. અહીંના રહીશોના જણાવ્યા મુજબ પાણી માટે હાલ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેઓને ફળિયામાં આવેલા કુવા અને બોરવેલમાં પાણીનો જથ્થો પૂરતા પ્રમાણમાં નથી. જેથી તેઓને અંતે રઝળપાટ કરી પાણી મેળવવું પડતું હોય છે. સાથે જ નજીક માંથી પસાર થતી નદીમાંથી પણ પશુઓ અને ઉપયોગ માટે પાણી લાવી રહ્યા હોવાનું અહીંના સ્થાનિકો જણાવી રહ્યા છે. જોકે, વર્તમાન સર્જીત સ્થિતિ અંગે સંલગ્ન ગ્રામ પંચાયતના જવાબદારો સામે પણ સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. અહીં ગામમાં નલ સે જલ યોજના હેઠળ આપવામાં આવેલા નળ જોડાણ તૂટી ગયા ઉપરાંત એક પણ દિવસ પાણીનું ટીપું નહીં આવ્યું હોવા સાથે જ કામગીરીમાં કથિત ગેરરીતિ થઈ હોવાના પણ સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. ગામના કેટલાક ફળિયામાં રહેતાં રહીશોને આજ દિન સુધી નળ જોડાણ પણ મળ્યા નથી એમ રહીશો જણાવી રહ્યા છે. ત્યારે સરકાર દ્વારા ઘર આંગણે સમયસર પાણીની સુવિધા પુરી પાડવામાં આવે એવી માંગ કરી સ્થાનિકો કરી રહ્યા છે.

## ગોધરા ગીદવાણી રોડ રામદેર પ્લાસ્ટીક વેપારીને ત્યાં પાલિકા સેનેટરી ઈન્સ્પેકટરે રેઈડ કરી ૧૧ હજારનો દંડ કર્યો

### શહેરામાં વેપારીને ત્યાંથી સીંગલયુઝ પ્લાસ્ટીક જથ્થો પકડાતાં રેલો ગોધરાના વેપારી સુધી આવ્યો



શહેરા,

શહેરા તાલુકામાં આવેલા અણીયાદ ચોકડી પાસે આજથી પાંચ દિવસ પહેલા એક ટેમ્પાનો ચાલક ડેઈલી સર્વિસ ગેરકાયદેસર સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો ભરીને લાવીને તેનું ગેરકાયદેસર વેચાણ કરી રહ્યાંની બાતમી લઈને શહેરા નગરપાલિકા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ગેરકાયદેસર સિંગલ યુઝ પ્લાસ્ટિકના જથ્થા સાથે ટેમ્પા ચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્લાસ્ટિકના જથ્થાની સઘન પૂછપરછ કરતાં બહાર આવ્યું હતું કે, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો ગોધરાના ગીદવાણી રોડ ઉપર આવેલા રામદેવ પ્લાસ્ટિકના વેપારી પાસેથી લાવી તેનું વેચાણ કરી રહ્યો છે. જેથી આજરોજ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને જિલ્લા કલેકટર દ્વારા ગોધરા નગરપાલિકાને કડક સૂચના આપી હતી કે, ગોધરાના ગીદવાણી રોડ ઉપર આવેલા રામદેવ પ્લાસ્ટિકના વેપારીને ત્યાં જઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે જેથી ગોધરા નગર પાલિકાના ઈન્ચાર્જ સીનીયર સેનેટરી ઈન્સ્પેક્ટર રમેશ મહેતા, સેનેટરી ઈન્સ્પેક્ટર સુરપાલસિંહ સોલંકી, મનોજ ચૌહાણ, સહલ મન્સૂરી સહિતનો સ્ટાફ ગોધરાના ગીદવાણી રોડ ઉપર આવેલા રામદેવ પ્લાસ્ટિકની દુકાન ઉપર ચેકીંગ દરમિયાન ૯૦ કિલો જેટલો જ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો મળી આવ્યો હતો. ગોધરા નગર પાલિકાની ટીમે ગેરકાયદેસર પ્લાસ્ટિકનો જથ્થાને જપ્ત કરીને સ્થળ ઉપર ૧૧,૦૦૦/- રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. જેથી પ્લાસ્ટિકનો વ્યાપાર કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ઉલ્લેખનીય છેકે, ગોધરા શહેરમાં ૧૫ જેટલી જગ્યાએ બિનઅધિકૃત પ્લાસ્ટિકનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આગામી દિવસોમાં નગર પાલિકા દ્વારા આ ગેરકાયદેસર રીતે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વેચાણ કરનાર વેપારીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે કે નહીં તે સમય જ બતાવશે. GPCBના નોટીફિકેશન મુજબ અને ભારત સરકાર દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ હોય શહેરા નગર પાલિકા દ્વારા ગત ૧૨ તારીખે પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્તી માટેની કાર્યવાહી હાથ ધરી હતી. જે દરમિયાન અણીયાદ ચોકડી વિસ્તાર પાસે બાયપાસ રોડ ઉપર સિંગલ યુઝ પ્લાસ્ટિક ભરેલું વાહન મહંમદ અલીફ મામજી નામના ઈસમ લઈને આવીને તેનો વ્યાપાર કરી રહ્યા હતા. પૂછપરછ કરતા તેઓ પ્રતિબંધિત ગેરકાયદેસર પ્લાસ્ટિક ડો. ગીદવાણી રોડ પર આવેલી રામદેવ પ્લાસ્ટિક હોલસેલના વેપારી પાસેથી લાવીને શહેરા તેમજ લુણાવાડા નગરમાં ડીલેવરી કરીએ છે તેવું જણાવેલ હતું. જેને લઈને આજરોજ ગોધરા નગર પાલિકાની ટીમ દ્વારા ગોધરા શહેરના ગીદવાણી રોડ પર આવેલી રામદેવ પ્લાસ્ટિક નામની દુકાનના સંચાલક સામે કાર્યવાહી કરીને પ્લાસ્ટિકનો જંગી જથ્થો કબજે લેવામાં આવ્યો હતો અને દુકાનના સંચાલક સામે કાર્યવાહી કરીને રૂ.૧૧ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

## ગોધરા(ક)ની ગ્રીનઝોન વાળી બિનખેતી થયેલ જમીનમાં શરતોના ભંગ થયેલ હોય તેની તપાસ માટે મામલતદાર અને સર્કલ ઓફિસર સ્થળ ઉપર પહોંચી રિપોર્ટ તૈયાર કર્યા

### મામલતદાર અને સર્કલ ઓફીસર દ્વારા તૈયાર કરેલ રિપોર્ટ કલેકટર ઓફીસ સુધી પહોંચશે ખરો ?



ગોધરા,

ગોધરા કસ્બા વિસ્તારના રે.સ.નં.૬૩૩/૨ તથા ૬૩૬/૨ પૈકી ૨ અને પૈકી ૧ બન્ને સર્વે નંબરવાળી ફાર્મ હાઉસ અને ગ્રીન ઝોનવાળી જમીનોમાં શરતોને આધિન બિનખેતી (એન.એ.) હુકમ કરવામાં આવ્યા હતા. આ બિનખેતીના હુકમોનો ભંગ કરી નગર નિયોજન મારફતે નકશો મંજુર કરાવ્યા વગર પોતાના બનાવેલ ખાનગી નકશાના આધારે પ્લોટીંગ કરી પ્લોટોનું વેચાણ કરી તેમજ લે-આઉટ પ્લાન વગર પ્લોટમાં બાંધકામ શરૂ કરતાં આ બાબતે જમીન ખાલસા કરવાની માંગ સાથે અરજદારે રજુઆત કરેલ હોય અનુસંધાને ગોધરા શહેર મામલતદાર, સર્કલ ઓફિસર અને તલાટી સ્થળ ઉપર તપાસ માટે ગયા હતા અને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. જ્યારે જીલ્લા કલેક્ટરના જમીન એન.એ.ની હુકમની શરતોનો ભંગ થયો હોય ત્યારે સ્થળ તપાસ કરી તૈયાર કરેલ રિપોર્ટ જીલ્લા કલેક્ટરને સુપ્રત કરવામાં આવશે કે કેમ તેવી અનેક અટકળો ચાલી રહી છે.

ગોધરા કસ્બાની ગ્રીનઝોન સીટી સર્વે વોર્ડ ગોધરા (બિનખેતી-૧) સીટી સર્વે નં.૬૩૩/૨ અને સર્વે નં.૬૩૬/૨ પૈકી/ પૈકી ૧ વાળી જમીન ખેતની હેડે આપેલ હતી. આ જમીન બિનખેતી (એન.એ.)ની પરવાનગી માટે જીલ્લા કલેક્ટરને અરજી કરવામાં આવતાં જીલ્લા ક્લેક્ટર દ્વારા બિનખેતી (એન.એ.) જમીનના હુકમમાં અલગ-અલગ પ્રકારના શરતો મુકવામાં આવેલ અને હાલ સીટી સર્વે કચેરીમાં તબદીલ થયેલ છે પરંતુ ઉપરોક્ત સર્વે નંબરોની જમીન એન.એ.ના હુકમો શરતોને આધિન કરવામાં આવ્યા છે. તે સ્થળ ઉપર શરતોનું પાલન કરવામાં આવેલ નથી. જીલ્લા કલેક્ટરના બિનખેતી (એન.એ.) હુકમથી વિપરીત નગર નિયોજન મારફતે નકશો મંજુર કરાવ્યા કે મેળવ્યા આવ્યો ન હતો અને પોતાના ખાનગી બનાવેલ નકશાના આધારે જમીનમાં પ્લોટીંગ કરી આ પ્લોટોનું વેચાણ કરવામાં આવ્યા હતા અને આવા વેચાણ થયેલ પ્લોટો ઉપર બાંધકામ પણ શરૂ કરવામાં આવ્યા હોય જીલ્લા કલેક્ટર દ્વારા બન્ને સર્વે નંબરો વાળી જમીનમાં બિનખેતીના હુકમ શરતોને આધિન કરવામાં આવ્યા ન હોય અને મનસ્વી રીતે પ્લોટીંગ કરી પ્લોટોનું વેચાણ કરવામાં આવ્યું હોય તેવા આવા વેચાણ થયેલ પ્લોટમાં બાંધકામ શરૂ કરવામાં આવ્યું હોય ત્યારે અરજદાર દ્વારા જીલ્લા કલેક્ટર દ્વારા શરતોને આધિન બિનખેતીના હુકમનું પાલન નહિ કરતાં આ (એન.એ.) થયેલ જમીન ખાલસા કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા કલેકટર અને ગોધરા શહેર મામલતદારને લેખિત રજુઆત કરાઈ હતી. ગોધરા કસ્બાના રે.સ.નં.૬૩૩/૨ અને સર્વે નં.૩૬૩/૨ પૈકી ૨ પૈકી ૧ વાળી જમીનમાં બિનખેતીના હુકમોના ભંગની તપાસ માટે ગોધરા મામલતદાર, સર્કલ ઓફિસર અને તલાટી સ્થળ ઉપર તપાસ માટે ગયા હતા અને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. મામલતદાર, સર્કલ ઓફિસર દ્વારા સ્થળ તપાસ કરી તૈયાર કરેલ રિપોર્ટ જીલ્લા કલેક્ટર પંચમહાલને સુપ્રત કરશે ખરાં તે જોવું રહ્યું.

## પાવાગઢ અટક દરવાજા પાસે જંગલમાં ઝાડ સાથે યુવક-યુવતિના ગળે ફાંસો ખાધેલ હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર

પાવાગઢ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ નજીકના અવાવારૂં જંગલ માંથી વધુ એક આત્મહત્યાનો બનાવ સામે આવ્યો છે. પાવાગઢ ખાતે અટક દરવાજા પાસેના અવાવરૂ જંગલમાં એક યુવક-યુવતી ઝાડની ટોચે લટકી આત્મા હત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઘટના અંગે પાવાગઢ પોલીસને જાણ થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જ જીવનલીલા સંકેલી લેનાર યુવક-યુવતી પ્રેમી પંખીડા હોવાનું બહાર આવ્યું હતું. જે પૈકી યુવક કાલોલ તાલુકાના રોયન નાંદરખાનો કિરણ ધીરૂભાઈ રાઠવા અને યુવતી ઘોઘંબા તાલુકાના મોગાધારાની ચાસના બારીયા હોવાનું જણાવાયું હતું. ઘટનાને પગલે યુવક યુવતીનો પરિવાર પાવાગઢ દોડી આવ્યો હતો. સમગ્ર ઘટનાક્રમે સૂત્રો એ જણાવ્યું હતું કે, પ્રેમી પંખીડાઓ પૈકી કિરણ કોલેજમાં અભ્યાસ કરતો હતો અને આ યુવતીના સંપર્કમાં આવ્યા. પ્રેમના અંકુરણો ફૂટ્યા હતા. પરંતુ યુવકના પરિજનોએ આજથી દશ દિવસ પૂર્વે તેના લગ્ન અન્ય યુવતી સાથે કરાવી દેતા પ્રેમિકા સાથે જીવન સાફલ્યની પૂર્ણતા પામવાના આરમાંનો અધૂરા રહ્યા હોવાની અસમંજસની સ્થિતિઓ મધ્યે ગતરોજ બંને પ્રેમી પંખીડાઓએ ઘરેથી નીકળી આવતા ભવે મળવાના કોલ સાથે પાવાગઢના અટક દરવાજા નજીકના અવાવરૂ જંગલમાં દુપટ્ટાનો ગાળીઓ કરી એકસાથે ઝાડની ટોચે લટકાઈ જતા બંનેનું પ્રાણ પખેરૂં ઉડી ગયું હતું. એક તરફ પ્રેમી પંખીડાઓની આત્મહત્યા અને બીજી તરફ કિરણની નવોઢાનું દામ્પત્ય જીવન પ્રથમ પગલે જ નંદવાઈ જતા ત્રણ પરિવારોમાં ઘેર શોકની લાગણી છવાઈ ગઈ છે. પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી મૃતકોને રેફરલ હોસ્પિટલ હાલોલ ખાતે પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યા છે.

## ગોધરા ભુરાવાવ ગોવર્ધન સોસાયટીના બંધ મકાન માંથી ૧.૯૮ લાખના મુદ્દામાલની ચોરી

ગોધરા,

ગોધરા એફ.સી.આઈ. ગોડાઉન પાછળ આવેલ ગોવર્ધન નગર બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તીજોરીના લોકર અને પીપડામાં રાખેલ સોના-ચાંદીના દાગીના રોકડા રૂપીયા મળી ૧,૯૮,૫૦૦/-રૂપીયાની ચોરી કર્યાની ફરિયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એફ.સી.આઈ. ગોડાઉન પાછળ આવેલ ગોવર્ધન સોસાયટીમાં રહેતા શાંતીલાલ દેવજીભાઈ પરમારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને ઘરમાં તિજોરીને લોકર અને અનાજ ભરવાના પીપડામાં મૂકી રાખેલ સોના-ચાંદીના દાગીના તથા ૮૦,૦૦૦/-રૂપીયા રોકડ મળી ૧,૯૮,૦૦૦/-રૂપીયાની ચોર તસ્કરો કરી જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## ઘોઘંબા ફાટક ઉપર ફોરવીલ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો બે યુવાનો ગંભીર ઘાયલ થતા ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા ફાટક ઉપર આજરોજ સાંજના સુમારે બાઈક તથા ફોરવીલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ખરખડી પાસે આવેલા દેવાપુરા ગામના બે યુવાનો ગંભીર રીતે ઘાયલ થતા તેમને વડોદરા રેફર કરવામાં આવ્યા હતા. ખરખડી પાસે આવેલા દેવાપુરા ગામના બે યુવાનો મહેશ ચૌહાણ તથા વિજય ચૌહાણ આજરોજ ઘોઘંબા હાટ બજારમાં પોતાનું કામકાજ પતાવી ઘરે પરત જઈ રહ્યા હતા. તે દરમિયાન ઘોઘંબા ફાટક ઉપર આવેલા જુના પેટ્રોલ પંપની સામે હાલોલ તરફથી આવતી ફોરવીલ સાથે જોરદાર ટક્કર થઈ હતી. જેમાં દેવાપુરા ગામના બંને યુવાનોને માથામાં તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી યુવાનોને વડોદરા રિફર કરવામાં આવ્યા હતા. ઘોઘંબા રેફરલ હોસ્પિટલ માત્ર શોભાના ગાંઠીયા જેવું લાગી રહ્યું છે. આવી ઈમરજન્સી વખતે હોસ્પિટલ કામ લાગતું જ નથી. ગામના દર્દીઓને હાલોલ, ગોધરા કે વડોદરા મોકલવા પડે છે બંને યુવાનોને ૧૦૮ મારફતે તાત્કાલિક વડોદરા ખસેડ્યા છે. બંને યુવકની તબિયત નાજુક છે.

## શહેરા રેફરલ હોસ્પિટલ પાસે ટ્રક વીજ થાંભલા સાથે અથડાતા લાઈટો ગુલ : ડ્રાઈવર અને કલીનરને ઈજાઓ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા રેફરલ હોસ્પિટલ પાસે પસાર થતા દિલ્હી બોમ્બ હાઈવે માર્ગ ઉપર ટ્રક વીજ થાંભલા સાથે અથડાતા લાઈટો ગુલ થઈ ગઈ હતી. જ્યારે ટ્રકના ડ્રાઈવર અને કલીનરને ઈજા પહોંચી હતી.

શહેરા રેફરલ હોસ્પિટલ પાસે પસાર થતા દિલ્હી બોમ્બ હાઈવે માર્ગ ઉપર સવારના સમયે લુણાવાડાથી ગોધરા તરફ જતી એલપી ટ્રકનું સ્ટેરીંગ લોક થઈ જતા એલપી ટ્રક વીજ થાંભલા સાથે અથડાઈ હતી. આ બનેલા બનાવવામાં ટ્રકના ડ્રાઈવર અને કલીનરને ઈજા પહોંચી હતી. આ બન્ને ઈજાગ્રસ્તોને રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટ્રક વીજ થાંભલા સાથે અથડાવાના કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને લાઈટો બંધ થતા લોકો ગરમીમાં ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. એમ.જી.વી.સી.એલ. દ્વારા તૂટી ગયેલ વીજ થાંભલો નવો નાંખવાની કામગીરી હાથ ધરાઈ હતી.